Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Annual Subscription Rs. 200 = 00

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 01 10th October, 2024 Annual Subscription Rs. 200 = 00

વર્ષ : ૨૮, અંક : ૦૧ ૧૦મી ઑક્ટોબર, ૨૦૨૪ વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ = ૦૦


## ૧૨૭મી જન્મજયંતી, ૨૦૨૪ - ભાદરવા વદ ચોથ



જન્મ : તા. ૪-૯-૧૮૯૮ **પૂજ્ય શ્રીમોટા** દેહત્યાગ : તા. ૨૩-૭-૧૯૭૬

"આ શરીરનો જન્મદિવસ ભાદરવા વદ ચોથના રોજ આવે છે, તે દિવસે તમારાં બધાંનાં હૃદયની શુભ ભાવના-ધારણા અને હૃદયના આશીર્વાદ માગું છું. તમારા મનની ભાવના પ્રેરકપણે તે દિવસે આ જીવમાં રાખવા વિનંતી છે, અને તે દિવસનાં થતાં સકળ કર્મમાં આ જીવની ચેતનાસ્મૃતિની ધારણા હૃદયથી રાખવાનું કર્યા કરશો, તો આ ગરીબ ન્યાલ થયો ગણાશે."

'જીવનપ્રેરણા', ચોથી આવૃત્તિ, પૃષ્ઠ ૮૧ - શ્રીમોટા



પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી નંદુભાઈ

**તમારા વિચાર કરતાં 'શરણાગતિ તોરી' સિવાય બીજો કોઈ આરો નથી. આ બધાં સાધનનો હેતુ તો તે જ છે ને સાધનો થકવી પણ દેશે, પણ 'પ્રેમ કરના ચહીએ, સાધન કરના ચહીએ, ભજન કરના ચહીએ મનવા, પ્રેમ લગાના ચહીએ.' એમ જે મીરાં કહે તે જ સાચું છે.**

**- શ્રી નંદુભાઈ**

'જીવન સાર્થકતાની કેડીએ' (ઉત્તરાર્ધ), પ્ર. આ., પૃ. ૧૪૬

પ્રકાશનસ્થળ : **‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૨૦૦/-
પરદેશ રૂ.૧૫૦૦/- (ઍરમેઇલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**‘હરિવાણી ટ્રસ્ટ’, C/O. સુરેશચંદ્ર વોરા**
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫)નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો.

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ,અમદાવાદ-૩૮૦૦૦૭
**દાન-ભેટ સાથે પાન નંબર અવશ્ય આપવો.**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
www.hariommota.org ઉપર
‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **રામ કૉમ્પ્યૂટર મો.: ૯૮૨૪૬૧૨૨૮૮**

ટાઈટલ : **મયૂર જાની મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**વર્ષ : ૨૯ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૨૪**

**અનુક્રમ**


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૦૪ |
| ૨ | આભારદર્શન | સંપાદક | ૦૫ |
| ૩ | શ્રીભગવાનની પરમ કૃપાપ્રસાદી | શ્રીમોટા | ૦૭ |
| ૪ | મારો નંદુ, મારા નંદુને દુનિયા ઓળખે | શ્રીમોટા | ૦૯ |
| ૫ | અમે અમારી આંખોથી ધવરાવીએ છીએ - દાદા ભગવાન | રમેશભાઈ ભટ્ટ | ૧૨ |
| ૬ | સૂક્ષ્મજગતની અદ્ભુત યાત્રા-૬ | અશ્વિનભાઈ રાવલ | ૧૬ |
| ૭ | મહાજન શક્તિદળનો અહેવાલ | પ્રા.સ્નેહાબહેન પટેલ | ૨૦ |
| ૮ | હિંદુઓ પ્રજા તરીકે હજી શાથી જીવી રહ્યા છે ? | ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા) | ૨૨ |
| ૯ | પૂજ્ય શ્રીમોટા સાથેના કેટલાંક સંસ્મરણો | (નાના) અમરતભાઈ ગોવિંદભાઈ પટેલ | ૨૪ |


## -: જ્ઞાનદાન - સહયોગ :-

અમદાવાદનિવાસી (હાલ USA) સ્વજન શ્રીમતી દક્ષાબહેન હેમંતકુમાર પટેલ દ્વારા તેઓશ્રીના માતા-પિતા તથા સૌથી જૂના સ્વજનોમાંના એક પરિવાર તેવા નરોડા નિવાસી સ્વ.સુભદ્રાબહેન અમૃતભાઈ પટેલ તથા સ્વ.શ્રી અમૃતભાઈ ગોવિંદભાઈ પટેલ (નાના અમૃતભાઈ) ની પુણ્ય સ્મૃતિમાં ‘હરિભાવ’ ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે. તે બદલ ‘હરિવાણી ટ્રસ્ટ’ અને ‘હરિભાવ’ પરિવાર તેઓશ્રી પ્રત્યે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

- સંપાદક

**સ્મરણ હરિનું અમારો શો જીવનધંધો ખરેખર છે.**

હરિની યાદગીરી તે હૃદય મહોબતની લિજ્જત છે,
સ્મરી સ્મરીને હરિને દિલ, કમાયા શા જીવનને તે !

સ્મરણ હરિનું અમારો શો જીવનધંધો ખરેખર છે,
સ્મરણ કરવા તણો કેવો જીવનધંધો અમારો છે !

હરિને દિલમાં ધારી હૃદય મનાદિમાં સ્મરી સ્મરીને,
હરિને દિલ જીવંતો અમે કેવો કરેલો છે !

હરિ વિના જીવન જીવવું કદી એક પળ ના બનતું,
હરિ એ જ અમારો છે ખરો આધાર મૂળમાંનો.

જીવનમાંનું બધું જે કાંઈ અમે તે વેચી-સાટીને,
પૂરેપૂરો જ બદલામાં અમે હરિને ખરીદ્યો છે !
સ્મરણ હરિનું કરે ચાલ્યાં, જીવનની ખુશનસીબી તે.

પૃ-૭

**ખરેખર પ્રેમના જીવન વિષે મૃત્યુ કદી નવ છે.**

પ્રભુની ભાવના કેરો જીવન જીવવા હૃદય મુજને;
તલપ લાગેલ ઊંડી જે, મને જેણે મથાવ્યો છે.

બસ એકની એક જ હૃદય લાગેલ ધૂને જે,
હરિને ભાવનામાં શો સતત એણે ટકાવ્યો છે.

જરીક ખંડિત થતાં કેવો હૃદયમાં ધ્રાસકો ઊંડો,
ખરેખર તીવ્ર લાગેલો, કૃપાથી તેથી ચેતેલો.

હૃદય ચેતવણી એવીથી, હરિની ભાવના વિષે,
પરોવાતાં લગાતાર હૃદયનો પ્રેમ જાગ્યો છે.

ખરેખર પ્રેમના જીવન વિષે મૃત્યુ કદી નવ છે,
ચિરંજીવ, નવજીવન, નૌતમ ખીલતું પ્રેમમાં નીચ છે.

પૃ-૧૩-૧૪

**મહદ્ અચરજ ટકે તેમાં હરિની સભાનતા દિલમાં**

જીવનમાં આગના જેવી તમન્નાએ મથાવીને,
પ્રચંડ ને ભગીરથ શો પુરુષાર્થ કરાવ્યો છે.

સતત અભ્યાસ તેવાથી જીવંતી એકધારી તે,

હૃદયમાં અખંડિત ધારણા હૃદયે શી બંધાઈ ગયેલી છે!

જીવનમાં ક્રોસની તીવ્ર સતત તે વેદના વિષે,
હરિની સભાનતા હોવી અશક્ય તે હકીકત છે.

જીવનમાં કેટલીક વાર/વાત અશક્ય સાવ જે લાગે,
કૃપાબળના સહારે તો થતું તે શક્ય લાગે છે.

હરિ કોઈ દૂત તારાથી ચમત્કારિક શાતા જે,
શરીર પ્રેરાવીને મુજને અનુપમ પ્રાણ બક્ષે છે.

શરીર પ્રેરાવીને કેવી હૃદયમાં તાજગી બક્ષે !
જતી પળ એક ના કોઈ ખરેખર વેદના વિના.

મહદ્ અચરજ ટકે તેમાં હરિની સભાનતા દિલમાં.

પૃ-૨૩

**સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે!**

સ્મરણમાં ભાવ ઉછળતાં, સ્મરણમાં રંગ જામે છે,
સ્મૃતિભાવ ઊગી હરિનો, ફૂટે શી સભાનતા ત્યારે!

જીવનમાં મોખરે જ્યારે હરિની સભાનતા રહે છે,
પ્રકૃતિનું બધું જે તે પછી ગૌણત્વ પામે છે.

એ સ્થિતિમાં શું થાય છે ?
બધે જેમાં અને તેમાં હરિરસનો અનુભવ છે,
પ્રકૃતિ ત્યાં શી માધ્યમ છે! હરિરસને વહેવાને.

સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે !
જીવનને ક્યાંથી ઉખાડી, પહોંચાડે ગગનમાં તે.

પૃ-૨૭

'શ્રીમોટાવાણી-૭' આ.દ્વિ.

## (૨) ‘હરિભાવ’ ની ૨૮ વર્ષની યાત્રાએ આભારદર્શન

**સંપાદક**

પૂજ્ય શ્રીમોટાનું અવતરણ સપ્ટેમ્બર મહિનામાં થયેલું. યોગાનુયોગ ‘હરિભાવ’નો પ્રથમ અંક પણ સપ્ટેમ્બર-૧૯૯૬માં પ્રકાશિત થયો હતો. એટલે સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંક સાથે ‘હરિભાવ’ ની ૨૮ વર્ષની યાત્રા પૂર્ણ થઈ અને ‘હરિભાવ’ ના ઑક્ટોબર, ૨૦૨૪ ના આ અંકથી ૨૯ મા વર્ષની યાત્રાનો પ્રારંભ થાય છે તે નિમિત્તે આભારની ભાવના વ્યક્ત કરવાનો આ પ્રયાસ છે.

શ્રી સદ્‌ગુરુને પ્રણમીને તેઓશ્રીની કૃપાસહાયના પાયા ઉપર જ ‘હરિભાવ’નું ચણતર થઈ રહ્યું છે. તેમાં ‘હરિભાવ’ને જે જે સાધુ-સંતોના સાહિત્યનો તેમ જ સંસ્થાઓનો અને સ્વનજનોના સદ્‌ભાવપૂર્ણ સાથ, સહકાર અને સહયોગ મળી રહ્યા છે તે સર્વેને યાદ કરી તેમના પ્રત્યે અમારા મનહૃદયમાં આભારની લાગણી સાથે આદરભાવ છે તેને વ્યક્ત કરવાનો આ યોગ્ય સમય છે.

સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યા સાહેબ દ્વારા તા.૧૯.૧૨.૨૦૨૩ ના રોજ દેહાંત સુધી અને ત્યારબાદ તેઓશ્રીના સુપુત્રી મેઘનાબહેન દ્વારા ‘હરિભાવ’ ની જેમ થતી હતી તે પ્રમાણે જ પ્રિન્ટિંગથી શરુ કરી પોસ્ટિંગ-રવાનગી સુધીની સંપૂર્ણ કામગીરી સતત અને સુચારુરૂપે સાહિત્ય મુદ્રણાલય અમદાવાદ સંભાળી રહેલ છે તે માટે ‘હરિવાણી ટ્રસ્ટ’ તેમનું સદા આભારી રહેશે. એ તો જાણે કે શ્રીહરિકૃપાનું જ વ્યકત સ્વરૂપ છે. તેઓશ્રીનો તથા તેમના અધિકારી, કર્મચારીગણનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પ્રારંભથી કંપોઝિંગની કામગીરી કરી આપતા અર્થ કોમ્પ્યુટરના શ્રી કનુભાઈ પટેલનો સ્વાસ્થ્ય અને ખાસ કરીને આંખની સમસ્યાને કારણે આ કામગીરી બંધ કરાતા તેઓશ્રીની અત્યાર સુધીના સહકારવાળી ભાવનાને યાદ કરી નતમસ્તક છીએ. તેઓશ્રીનું નિવૃત્ત જીવન સારા સ્વાસ્થ્ય સાથે પ્રભુમય-મોટામય પસાર થાય તેવી કામના વ્યક્ત કરીએ છીએ તથા હવે આ કામગીરી સંભાળનાર શ્રી અરજણભાઈ ઓડેદરા - શ્રીરામ કોમ્પ્યુટરના સતત સહકારપૂર્ણ કાર્યથી તેઓશ્રીનો તથા તેમના સ્ટાફનો પણ આ ક્ષણે આભાર વ્યક્ત કરીએ છીએ.

‘હરિભાવ’ ની મુદ્રણશુદ્ધિ નિઃશુલ્ક રીતે શ્રીમતી અંબિકા હરેશ પંડયા છેલ્લાં ચાર વર્ષથી તેઓશ્રીની અતિવ્યસ્ત કામગીરીમાં પણ કરી આપી અમોને આભારી કરી રહ્યાં છે. સાથે સાથે ટાઇટલ ડિઝાઈનિંગમાં શ્રી મયૂરભાઈ જાનીનો આભાર પણ વ્યક્ત કરીએ છીએ. સ્વજન ગ્રાહકોની અપગ્રેડ કરેલી યાદી પ્રમાણે પીનકોડ મુજબ સરનામાની પ્રિન્ટિંગની કામગીરીની સેવા આપનાર શ્રી વિશાલ પનારાના અમે ઋણી છીએ તથા ટ્રસ્ટના પ્રારંભથી રહેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ મહેન્દ્ર શાહ ઍન્ડ એસોસીએટ્સના પણ આભારી છીએ. હરિઃૐ આશ્રમ સુરત; ‘હરિભાવ’ના લવાજમ અને ભેટ અમારાવતી સ્વીકારી અમને

પહોંચતી કરે છે તે બદલ તેઓશ્રીના પણ ખૂબ ખૂબ આભારી છીએ.

દરેક 'હરિભાવ'માં જે તે મહિને પ્રાપ્ત થયેલ ભેટની રકમની યાદી અપાય છે તથા જે સ્વજન-ગ્રાહકનું લવાજમ પૂરું થતું હોય તેમની યાદી પણ આપવામાં આવે છે.

તા.૧-૧-૨૦૨૪થી 'હરિભાવ' નું વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ભારતમાં અને પરદેશ માટે રૂા.૧૫૦૦/- કરાયું છે. તેને સૌ સ્વજન-ગ્રાહકોએ પોતાનો સહકાર ચાલુ રાખી જે સહકાર આપેલ છે તે બદલ અમે તેઓશ્રીના ખાસ આભારી છીએ. સતત વધતી જતી મોંઘવારીમાં 'હરિભાવ' ની વહીવટી કામગીરીમાં મદદરૂપ થવા માટે અમોએ એક જાહેર વિનંતી કરી 'કોર્પસફંડ' ઊભું કરવાની સ્વજનોને વિનંતી કરેલી તેના પ્રતિભાવરૂપે અત્યાર સુધીમાં રૂા.૨૬,૮૬,૬૧૧/- (અંકે રૂપિયા છવ્વીસ લાખ છયાંસી હજાર છસો અગિયાર પૂરા) મળેલ છે જેની અલગથી ફિક્સ ડિપોઝિટ રિસિપ્ટ કરાવેલ છે અને તેનું માત્ર વ્યાજ જ ઉપયોગમાં લેવાશે તેવી વ્યવસ્થા 'હરિવાણી ટ્રસ્ટે' કરેલ છે.

આ ભગીરથ કાર્યમાં વલ્લભ વિદ્યાનગર નિવાસી (હાલ અમેરિકા) શ્રી નિરંજનભાઈ સી.પટેલ સાહેબના, તેઓશ્રીના અનન્ય સાથ સહકાર બદલ આભારી છીએ. સાથોસાથ અન્ય સ્વજનશ્રીઓએ આપેલ સહકાર બદલ તે સૌના પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટીમંડળે સંપાદક તરીકેની મને કામ કરવાની જે તક અને સ્વતંત્રતા આપી છે તે સર્વેશ્રીઓનો આ તકે હૃદયના ઊંડાણથી આભાર વ્યક્ત કરું છું.

અંતમાં ટ્રસ્ટની અને 'હરિભાવ'ની સમગ્ર કામગીરીમાં જે નામી-અનામીના તન-મન-ધનનો સહયોગ મળી રહ્યો છે તે સર્વેને બેઉ કર જોડી વંદન કરતા ધન્યતાની લાગણી અનુભવું છું. 'હરિભાવ' સાથે લાંબા સમયથી જોડાઈ રહેલા સ્વજન-ગ્રાહકો પ્રત્યે પણ આભાર વ્યક્ત કરું છું સાથે પૂજ્ય શ્રીમોટાએ મને જે આ કામગીરી કરવાની તક આપી છે તે બદલ અનન્યભાવે બેઉ કર જોડી વંદન કરું છું. છેલ્લે આ કાર્યમાં મારા તરફથી કોઈ ક્ષતિ જણાય હોય તો દરગુજર કરવા વિનંતી છે.સૌ સ્વજનોને હરિઃૐ, હરિઃૐ.

## જાહેર વિજ્ઞપ્તિ

'મોટા ચરણે'ના રચયિતા શ્રી એ.જી.ભટ્ટના પુત્ર શ્રી કાર્તિકેયભાઈ ભટ્ટ દ્વારા લિખિત 'શ્રીરમણે ચૂંટેલા ગીતાના શ્લોકો'ના અભ્યાસનું રૂપિયા ૧૦૦ ની કિંમતવાળું પુસ્તક છે. જેમાં શ્રીમોટાના સંદર્ભો અપાયા છે તે કાર્તિકેય ભાઈનો મોબાઇલ નંબર ૯૪૨૬૬૩૨૯૮૪ થી સંપર્ક કરીને માત્ર ૫૦ રૂપિયામાં મેળવી શકાશે. પ્રાપ્ત ધનરાશિ શ્રી શ્રી આનંદમયીના આશ્રમમાં જશે. માત્ર ૪૨ શ્લોકોમાં શ્રી રમણ મહર્ષિએ ગીતાનો સાર આપી દીધો છે. -સંપાદક

મારા ગુરુમહારાજનો હુકમ હતો કે 'મારે જીવનના પ્રત્યેક ક્ષેત્રે કશુંક ને કશુંક મૌલિક, એની કૃપાથી સર્જતા રહેવું જ. જીવનના આધ્યાત્મિક વિકાસના પંથે મૂળમા એના પરત્વેની જિજ્ઞાસા એ જ એક સાચો મૂળ ગુરુ છે. અને તેના સ્વરૂપને જિજ્ઞાસાએ આ જીવને કૃપા કરી અનેકવિધ અને અનેક રીતે દર્શાવ્યા છે, અને તેથી કરી જે શીખવાનું મળ્યું છે, અને તે તે બધાંથીયે નોખું થતું જવાનું જિજ્ઞાસાએ મને શિખવાડ્યું છે, તેની તેવી કૃપા-બલિહારથી આ જીવ ભાવના ઉદ્રેકથી અને તેવા તેના પ્રતાપ અને પ્રભાવથી આ જીવને જે વાણી વ્યક્ત થઈ, તેથી કરી આ 'જિજ્ઞાસા'નું સર્જન થયું છે.

આટલું બધું લખાણ અને તે પણ જિજ્ઞાસાનું વિજ્ઞાનશાસ્ત્ર જે રીતે જે ભાવે આ બધું તટસ્થતાથી જે પૃથક્કરણ થયું છે, તે બધું આપોઆપ એની મેળે વિચાર્યા વિના લખાયે જ ગયું છે અને તે પણ થોડાક જ દિવસોમાં.

જે રીતે જીવનમાં આ આધ્યાત્મિક વિજ્ઞાનને પંથે જિજ્ઞાસાના બળે, ભાવે ધપાયું છે, તેનો પ્રત્યક્ષ ઈતિહાસ થોડો ઘણો પણ લખાયો, તેથી શ્રીપ્રભુએ એ રીતે મને જે જે જીવો મળેલા છે, તેમને એટલું તો જરૂર થશે કે આ જીવે જે ઊંડાણથી જિજ્ઞાસાનાં જુદાં જુદાં થરો, પાસાં અને એનાં અનેક સ્વરૂપોને જે રીતે દર્શાવ્યાં છે, તે તેમના તેવા અનુભવના નિચોડનું જ દર્શન છે. તેમને તેવું થાઓ કે ન થાઓ, પરંતુ મને તો આ જિજ્ઞાસાનું લખાણ વ્યક્ત થતાં થતાં જે આત્મસંતોષ થયો છે, એ જ એની પ્રસાદી છે.

જિજ્ઞાસા આટલી વિશદતાથી અને આટલા વિસ્તૃત સ્વરૂપમાં ભાગ્યે જ વ્યક્ત થયેલ હશે એમ માનું છું. જિજ્ઞાસાને કેળવાતી રહેવાવાને કાજે અને જિજ્ઞાસાને ચેતનવંતી પરિણામમાં ફળવતી થયા કરવા કાજે હેતુના જ્ઞાનની સભાનતાથી ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું જે થયું તેને હું શ્રીભગવાનની પરમ કૃપાપ્રસાદી લેખું છું. ભાવ વિનાનું બધું જ શુષ્ક છે. ભાવ એ જ જિજ્ઞાસાની પાંગરતી જતી પ્રાણશક્તિ છે.

આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્રમાં જિજ્ઞાસાનું મહત્ત્વ પ્રથમ સ્થાને છે. જિજ્ઞાસા પરત્વેનું ગુજરાતી ભાષામાં એનાં સર્વ પાસાંને લગતું એવું ખાસ કોઈ લખાણ જ નથી. સંસ્કૃત ભાષામાં જિજ્ઞાસા પરનું પૃથક્કરણાત્મક લખાણ હશે કે કેમ તે તો જાણતો નથી, પરંતુ ગુજરાતી સાહિત્યમાં તો નથી જ.

અનુભવીને દેહ રહે છે પણ તેના દેહની લીલા ન્યારી છે. તેને દેહ છે પણ અનંતમાં વિહરે છે. નિમિત્ત જયાં હોય ત્યાં અનુભવી હાજર હોય પણ નિમિત્ત એને સમજી શકે નહિ, કારણ કે ભક્તિ ન હોય. જો ભક્તિ હોય તો સમજાય. અનુભવી નિમિત્તની જોડે હાજર જ હોય. એ આકાશ સાથે એક હોવાથી એકીપળે અનેક સાથે જુદી જુદી

ભૂમિકામાં પ્રવર્તતો હોય છે અને એથી જ અનુભવીને દરેક વિજ્ઞાન (Branch of knowledge)નું જ્ઞાન ન હોય, પરંતુ જો કોઈ વિજ્ઞાની નિમિત્ત બને તો તેને અનુભવી સ્પર્શી શકે, પરિણામે નિમિત્તવાળા વિજ્ઞાનીથી આશ્ચર્યકારક શોધ થાય. આવી બધી હકીકતો જે બને છે તે આકાશતત્ત્વના મહત્ત્વના મોખરાપણાને લીધે હોય છે.

જ્યારે શ્રીસદ્ગુરુ ઉપર લખવાનું મારે સહજમેળે થયું, ત્યારે મારે સાચેસાચી હકીકત લખવી જોઈએ. કોઈ માને કે ન માને તે તરફ બિલકુલ દૃષ્ટિ રાખી નથી. કેટલીક હકીકતો એવી હોય છે કે પ્રકૃતિનાં ક્ષેત્રમાં જેની બહુ ભારે પ્રતિભા હોય એવી પ્રખર અને પ્રચંડ બુદ્ધિ પણ ઊર્ધ્વમાં ઊર્ધ્વ આધ્યાત્મિક કક્ષાનાં સત્યોને નહિ સ્વીકારી શકે અને સમજી પણ નહિ શકે. જેમ કે, આઈન્સ્ટાઈનની Theory of Relativity નો જે સિદ્ધાંત છે, તેને આખી દુનિયામાં થઈને માંડમાંડ થોડા માણસો જ વિગતવાર સમજતા હશે. બીજા તો એમ માને કે આવી એક થીયરી છે એટલું જ, પરંતુ તે થીયરીનું સત્ય તો તેમનાથી બરાબર સમજાય નહિ. તેવી જ રીતે ઊર્ધ્વમાં ઊર્ધ્વની ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાનાં રહસ્યો અને તેની સાચી હકીકતો પ્રકૃતિનાં ક્ષેત્રની બુદ્ધિ સમજી નહિ શકે.

પરંતુ આ શરીર જ્યારે તેના અંતના છેલ્લા આરે બેઠું છે, ત્યારે શરીર જતાં જતાં સાચેસાચી હકીકત ખુલ્લી કરતા જવું, અને વિશેષ કરીને જ્યારે શ્રીસદ્ગુરુ પર લખવાનું નિમિત્ત મળ્યું ત્યારે તો એના પરત્વેનું સ્ફૂરતું ગયું, એમ લખતો ગયો છું અને લખવાનો ધર્મ પણ સ્વીકાર્યો છે. આ બધું જ લખાણ માત્ર થોડા જ દિવસોમાં લખાઈ ગયું છે. બધાંની સાથે ગામ-પરગામ ગયો હોઉં, બધાંની સાથે હળવા-મળવાનું થતું હોય, તેવી દશામાં પણ શ્રીભગવાનની કૃપાથી આ લખાણ લખાયે જતું હતું. છંદ-રચનાનો લાભ એ છે કે વિચારોને સ્મૃતિમાં સંઘરવાને માટે તે સરળ અને સહેલું છે. લયમાં બોલાતું હોવાથી ગદ્ય કરતાં વિશેષ ભાવ પ્રગટતો હોય છે. વળી શાસ્ત્રના જેવી કોઈ હકીકત હોય, તો તેવી હકીકતોને અનુષ્ટુપમાં લખવાનો એક પ્રકારનો રિવાજ પડી ગયો છે. ગીતાજી શાસ્ત્ર છે, અને એવી જે બીજી સૂક્ષ્મ હકીકત હોય, તે પણ અનુષ્ટુપમાં ગવાઈ છે. એટલે આ સદ્ગુરુના જીવનની આવી હકીકત અનુષ્ટુપમાં લખાઈ છે, તેને અંગે કેટલાક મિત્રોએ કહ્યું કે ‘મોટા, તમે આ યથાયોગ્ય કર્યું છે અને આપણી પ્રણાલિકાને સાનુકૂળ છે.’ આ મત સંસ્કૃત ભાષાના કોઈ પ્રખર અભ્યાસીનો પણ છે. નામ ન આપવા બદલ વાચકો મને ક્ષમા કરે.

મારા જીવનવિકાસની સાધનાનો કેટલાય પ્રકારનો ગૂઢ ઇતિહાસ છે, આ શરીર જ્યારે નહિ હોય ત્યારે કોઈક ખરેખરો શ્રેયાર્થી આ વાંચે તો તેને તેમાંથી ઘણું સમજવાનું મળશે. વળી આ ભજનો મોઢે બોલ્યે જતો હતો અને તે લખાતાં જતાં હતાં એ તો કોઈના માન્યામાં ન આવે એવી હકીકત સોએ સો ટકા સાચી છે.

‘ભગતમાં ભગવાન’ આ.૬ઠ્ઠી આ પૃ.૪૮૭

## (૪) મારો નંદુ, મારા નંદુને દુનિયા ઓળખે ! શ્રીમોટા

ચૈત્ય પુરુષ પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી અને અધ્યાત્મના પરમ ઉપાસક શ્રી નંદુભાઈના જીવન વિશે પૂજ્ય શ્રીમોટાના હૃદયોદ્ગાર હતા, 'મારો નંદુ, મારા નંદુને દુનિયા ઓળખે.' શ્રી નંદુભાઈને સંબોધન કરતાં પૂજ્યશ્રી વિવિધ વાતે વ્યક્ત થયા છે.

'તારે નિમિત્તે મારે જીવનમાં આગળ આવવાનું છે.'

'તમે મારા પૂર્વ પરંપરાથી મળેલા પ્રભુકૃપાના સ્વજન છો.'

'તમારા જીવાત્માની મને ખબર છે.'

'મને આવા જીવનમાં વ્યક્ત થવા અંગે તમારું જીવન નિમિત્તરૂપે છે.'

'તમને હું 'મારા સરકાર' તરીકે સંબોધું છું. સાચેજ તમે મારા સરકાર છો.'

'હું તમારી ગેરહાજરીનો વિરહભાવ અનુભવું છું.'

'તમને મારા બનાવ્યા વિના મને ચેન પડવાનું નથી.'

'વહાલા ભાઈ! તમે મારું જે કહો તે છો અને મારા જીવનનો આધાર તમારા પર છે. તમે મને દેવના દીધેલા છો.'

(ગઝલ)

કશું નિપજાવવું જો હો જીવનનું ધ્યેય તે પ્રત્યે,
-ઝૂકી ત્યાં ઝંપલાવે; જે શકે પામી જીવન તો તે.
ડગલું ભરતો રહે છે જે ડગલું ભરવામહીં હૃદયે,
-રહે એકાગ્ર કેંદ્રિત, ભર્યાંનું એવું લક્ષણ તે.

ન એવો ક્યાંય ફેંકાયે હૃદય નિજ ધારણામાં તે,
રહી વર્ત્યા કરે જીવને ભર્યું ડગલું ફળે એન.

જીવનના ઝંખના ભાવે ભરે છે એક ડગલું જે,
ભર્યાં પગલાં પછીનું તે બીજું ડગલું સૂઝે એને.

(શ્રી નંદુભાઈના પત્રમાંથી

શ્રી નંદુભાઈને પૂજ્ય શ્રીમોટા જેવા સમર્થ ગુરુ શા માટે મળ્યા ? એના ઉત્તરમાં નીચે પ્રમાણે શ્રીમોટાએ એક પ્રવચનમાં કહ્યું છે.

**'ચેતનને ઉદય પમાડવાને માટે કોઈ શ્રેયાર્થી જાગ્રત થયો છે, એને એમાં ચેતન થવાને માટેના ભૂગર્ભની શક્તિ છે. એ ભૂગર્ભની શક્તિ એ જ કારણનિમિત્ત. એ કારણનિમિત્ત હોવાથી કરીને પેલો ગુરુ મળ્યો છે. બાકી, ગુરુને કોઈ મળવાનું કારણ નથી. શું કરવા મળે ? એ તો દૃષ્ટા (જોનારો) છે, નિઃસ્પૃહી છે, પણ એને એવા પ્રકારનું નિમિત્ત આકર્ષે છે અને એ નિમિત્ત કોઈ પરભવમાં ભલે હોય પણ એનું મૂળ કારણ તો આપણા પોતામાં જ રહેલું છે.'** ('શ્રીમોટાવાણી', ભાગ-૧૩-૧૪, બીજી આ.,પૃ.૨૦) આમ, શ્રી

નંદુભાઈની પોતાની અંદર ભૂગર્ભમાં પડેલી શક્તિ જ શ્રીમોટાને મળવામાં કારણભૂત હતી.

## નિમિત્તમાં અનુભવી

### (અનુષ્ટુપ)

અનુભવીનું કર્તવ્ય નિમિત્તે કરી જીવને
જીવને શો હરિભાવ મહત્ત્વે પ્રગટાવવો !
પ્રકૃતિથી જ તે લે છે તેને માધ્યમ રાખીને,
જેવો પ્રકાર નિમિત્તે, અનોખો તે છતાં હૃદે. ૭-૮
કિંતુ નિમિત્તને લીધે જેનું નિમિત્ત તે વિશે
-સંકળાવા પ્રવેશાવા એનો હેતુ જ હોય છે. ૨૧
કેવો હેતુ નિમિત્તે છે, જીવને વર્તાવાપણે
-તેની જાણ પડે મેળે શી અનુભવીને હૃદે ! ૨૪
શો કુદરતનો હાથ છુપાયેલો નિમિત્તમા
-કેવો પારખી લે ગૂઢ રીતે અનુભવી તદા ૨૫
નિમિત્ત છો ગમે તેવું છતાં તેમાં અનુભવી
-અખંડાકાર ભાવે શો રમે નિમિત્તમાં જીવ ! ૨૬
('નિમિત્ત', ત્રીજી આ.૨૭/૨૯)

### 'નિશ્ચયના મહેલમાં વસે મારો વહાલમો'

આત્મકલ્યાણ અર્થે શ્રી નંદુભાઈએ સાધનાનો ભેખ ધારણ કરીને ગુરુમહારાજની કૃપાથી પોતાનો દૃઢ નિશ્ચય પૂરો કર્યો અને ગુરુમહારાજનો રાજીપો મેળવીને ધન્ય બન્યા.

સંસ્કારસંપન્ન પરિવારમાં જન્મ અને ભણતર, અર્થઉપાર્જન અર્થે પેરિસ ગયા અને સખત મહેનત, પ્રામાણિકતા, કુશાગ્ર બુદ્ધિ, વેપારી સૂઝબૂઝ અને ઉદ્યમી પ્રકૃતિને પ્રતાપે વેપારનો વિકાસ કર્યો. તેઓ હીરા, મોતી, ઝવેરાતના વેપારમાં સંકળાયેલ. પેરિસથી ભારત પરત આવ્યા અને તામિલનાડુના ત્રિચિમાં પોતાના મામા શ્રી ગોપાલદાસ સાથે પેઢીમાં જોડાઈને એક સફળ વેપારી તરીકે પોતાની આગવી શાખ ઊભી કરી તેમજ પેઢીનો વિકાસ કુંભકોણમ્‌માં પણ કર્યો. લગ્ન બાદ આદરણીય શ્રી કાંતાબહેન સાથે હિંદુસ્તાનનો તેમજ વિવિધ દેશોનો પ્રવાસ કરેલ. સર્વાંગી રીતે કુશળ વ્યક્તિત્વના સ્વામી, સૂટબૂટમાં સજ્જ, ભૌતિક સુવિધાઓ સાથે સુખસગવડોવાળું જીવન જીવનાર જ્યારે પરદેશની સમૃદ્ધ અને મોહમયી ભૂમિનો ત્યાગ કરી ગાંધીજી સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિમાં જોડાવા સ્વદેશમાં આવ્યા અને સાબરમતી આશ્રમમાં સ્થાયી થયા ત્યારે આપણે એવું સ્વીકાર્યું જ રહ્યું કે આખરે તો મનુષ્યના જીવનમાં જગતનિયંતા પરમાત્માનું આયોજન જ સાકાર થાય છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી તેમના પ્રથમ ગુરુ. પૂજ્ય શ્રીમોટાએ ગાંધીજીની હાકલથી દેશસેવામાં ઝંપલાવ્યું અને જીવનવિકાસ થકી પરમ પદની અનુભૂતિ પામ્યા. તે જ માર્ગે શ્રી નંદુભાઈ પણ ગાંધીજીનાં કાર્યોથી પ્રેરાઈને સ્વયં તેમની સાથે જોડાયા અને ત્યારથી જ પરમ પદની પ્રાપ્તિના માર્ગે જીવનનું વહેણ બદલાયું, તેની સંપૂર્ણ ગાથાનું વર્ણન આ ગ્રંથમાં છે. પૂર્વના નિમિત્તયોગે શ્રીઅરવિંદના પ્રબળ આકર્ષણથી જીવનવિકાસની ઝંખના જાગૃત થઈ.

એ મધ્યમાં શ્રી હેમંતદાદાના નિમિત્તે હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદમાં તેમને 'શ્રીમોટા' મળી ગયા અને જીવન ધન્ય થઈ ગયું. આવું સુખમય જીવન જીવનાર માનવીનું શ્રેયસાધક અને ભક્તની ભૂમિકામાં પરિવર્તન થઈ જવું, સંપૂર્ણ સાદગીભર્યું, તિતિક્ષાપૂર્ણ જીવન જીવવું, એ કોઈ અલગારી જીવનું જ કામ છે. ગુણ અને ભાવવાળું ખોળિયું લઈને આવેલ કોઈ ઉચ્ચ કોટીનો જીવ જ આમ કરી શકે. તેમણે જાગૃતિપૂર્વક પોતાનું અંતઃકરણ આત્માની ઉન્નતિ માટે અધ્યાત્મમાર્ગે વાળી લીધું. હવે પછી તેઓની એકમાત્ર અભિલાષા ભાગવતી ચેતનાના અનુભવ કાજેની હતી. પૂજ્યશ્રીના અનુગત બન્યા પછી તેઓ જીવનપર્યંત એક નિરાડંબર, મૂક સેવક બની રહ્યા. તેઓશ્રીની સરળતા, નિખાલસતા, પવિત્રતા, નિર્મળતા અને નિર્ભયપણાનાં દર્શન, તેમનાં મૌનનિવેદનો તથા પત્રવહેવારમાં સ્પષ્ટ થાય છે. શ્રી નંદુભાઈનો નિશ્ચય તેમની જન્મજન્માંતરની સાધના, ઊર્ધ્વ ભૂમિકા અને મક્કમ મનોબળનો પરિચય કરાવે છે.

'જીવન સાર્થકતાની કેડીએ (સંક્રાંતિકાળ)
ભાગ-૧ આ.પ્ર.પૃ.૧૪, ૧૬, ૧૮, ૮૫, ૮૬ સંકલન

---

**અનુસંધાન પાના ૨૫ નું ચાલુ**

૧૦૮ દિવસને અંતે શ્રીમોટાની વિધિથી યજ્ઞ કરીને મારા નિવાસે થતું નામસ્મરણ બંધ કરાયેલું.

**પ્રકૃતિનું રૂપાંતર કરવું, સ્વભાવને બદલવાનું કામ અતિ કઠણ હોય છે, પણ એ ઉત્તમ કામ શ્રીમોટાએ મારા પ્રત્યે પ્રેમભાવ રાખીને કર્યું છે.**

શ્રીમોટાનો નડિયાદમાં આશ્રમ થયો ત્યારથી શ્રીમોટાનો રૂબરૂ સત્સંગ કરવાની ભાવના જાગેલી. તેઓશ્રી અમદાવાદમાં જ્યાં હોય ત્યાં અચૂક અમે દર્શન કરવાંનો અને યથાશક્તિ તેમના ચરણે ભેટ ધરવાનો ભાવ રાખેલો. મને યાદ છે કે શ્રીમોટા, માઉન્ટ આબુમાં હતા ત્યારે નરોડાના શ્રી ઉમેદકાકા અને તેમનાં ધર્મપત્ની કાંતાબા સાથે અમે આબુ પણ ગયાં હતાં. અને શ્રીમોટાનો જે સ્થળે મુકામ હતો તેની સામે એક મકાન ભાડે રાખીને અમે રહ્યાં હતાં. ત્યાં પણ નિયમિત દર્શન-સત્સંગ અને ચરણે ભેટ ધરવાનો ભાવ ચાલુ રાખેલો.

મોટા સાથેના પ્રસંગો કે ઘટનાઓનો તો લખે પાર આવે એવો નથી. તેઓના દેહત્યાગ બાદ પણ તેમના પ્રત્યે કે તેઓએ ચીંધેલાં કામો પ્રત્યે દિનપ્રતિદિન ભાવ વધતો જ રહ્યો છે. હવે તો એક જ તમન્ના છે કે હવેના શેષ જીવનમાં મોટાએ જેના ઉપર ખાસ ભાર મૂકેલો છે તે નામસ્મરણ હરતાં-ફરતાં ચાલુ જ રાખવું. મોટાનું કોઈ પણ પુસ્તક વાંચવા લઉં એટલે જાણે કે ઉત્સાહ અને ભાવનો જબરજસ્ત ઉછાળો આવતો હોય એવો અનુભવ થાય છે.

આ બધી વાતો તો મારા એટલે કે અમૃતલાલના જીવન પૂરતી જ લખી છે. બાકી, મારા પરિવારના બધા સભ્યોની શ્રીમોટાએ કાળજી લીધી છે અને તેમના જીવનમાં પણ ભાવ જાગે એવી કૃપાતકો ઊભી કરેલી જ છે. આ અંગે તો ભવિષ્યમાં અમોથી કે પરિવારના જે તે સભ્યોથી જ્યારે લખાશે ત્યારે ખરું. અત્યારે તો આટલેથી અટકું છું.

'પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી-સ્વજનોનાં નિવેદન' આ.પ્ર.પૃ.૫-૮

## (૫) અમે અમારી આંખોથી ધવરાવીએ છીએ-દાદા ભગવાન રમેશભાઈ ભટ્ટ

આત્મપ્રકાશના અનુભવ માટે બિડાયેલાં મારાં ઘણાં આંતરદ્વારો દાદા ભગવાનની શક્તિથી ખૂલી ગયાં છે. એથી અલૌકિક મોકળાશ અનુભવાઈ છે. મારા આવા આંતરિક અનુભવોથી તથા દાદાની અલૌકિકતાનો બૌદ્ધિક સ્વીકાર થતો હોવાથી, મને દઢ પ્રતીતિ થઈ કે જાણે મોટાએ જ મને 'દાદા'નો ભેટો કરાવ્યો છે. દાદાની પાસે જવાથી, એમની સાથેના આત્મીય સંબંધથી મોટા સાથેનો મારો લગાવ વધુ ગહન બન્યો હતો. એમના કૃપાભાવથી મારું હૃદય વધારે દ્રવિત થતું હતું. સાથે સાથે દાદા પ્રત્યેનો કૃતજ્ઞભાવ લાક્ષણિક પ્રકારની ભક્તિરૂપે વધતો હતો. દાદા 'એક' અને 'અનન્યાશ્રય'ની વાત વારંવાર સમજાવતા હતા ત્યારે 'મોટા' પ્રત્યેનો મારો 'એક' અને 'અનન્યાશ્રય' વધુ દઢ બનતો હતો. 'મોટા' અને 'દાદા' 'એક' - ચેતનના દેહરૂપમાં ભિન્ન આવિર્ભાવો છે. એ આપણામાં રહેલા અપ્રગટ ચેતનને પ્રગટ કરવા આપણાં આવરણોને એમની અપાર કરુણાથી ભેદે છે.

મેં એમ કહ્યું કે જાણે મોટાએ મને 'દાદા'નો ભેટો કરાવેલો. એનું બીજું પણ તાત્પર્ય છે. મોટાની આસપાસ કેવળ 'પ્રભુપ્રીત્યર્થ કર્મ'નો જ યજ્ઞ ચાલ્યા કરે. મોટાના ઉત્સવ પ્રસંગોમાં સાદું ભોજન પીરસાય. ખીચડી-કઢી-શાક-કચુંબર-એ ઉત્સવનું સમૂહ ભોજન. જ્યારે દાદા પાસે એથી તદ્દન ઊલટું જ અનુભવ્યું. એમની પાસે તો સદાય સત્સંગી સમૂહ બેઠેલો હોય. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'ની ધૂન ચાલે, પદો ગવાય, નવ કલમો બોલાવાય. જુદી જુદી રીતે વિધિઓ થાય. દાદાના ઉત્સવોમાં મિષ્ટાન્ન હોય. મોટા પાસે કોઈ 'કૃપા' કે 'આશીર્વાદ'ની વાત કરે તો મોટા ખંખેરી નાખે. જ્યારે દાદા સામેથી કહે કે 'આશીર્વાદ' લઈ જજે. મોટા કોઈને કશું જ મફતમાં ન આપે. જ્યારે દાદા, પુસ્તકો માટે કોઈની પાસેથી પૈસા પણ ન લે. આવા પૂરેપૂરા પરસ્પર વિરોધો હોવા છતાં દાદાની સમીપ જવામાં મને બિલકુલ અંતરાય નડ્યો ન હતો. દાદાને પહેલી વાર જોયા ત્યારથી જ કશીક અલૌકિકતાની ઝાંખી થયેલી.

એક વખત મેં દાદાને અમુક રકમ ભેટ આપવાની મારી ભાવના જણાવી અને એ રકમ સ્વીકારાય એવી વિનંતી કરી. દાદાએ મારી પાસેથી એ રકમ લીધી. મને એમનાં મૂલ્યવાન પુસ્તકો મળેલાં ત્યારથી મને આવી ભાવના થયા કરતી હતી. બે દિવસ પછી મેં આપેલી રકમ દાદાએ મને પાછી આપતાં કહ્યું, 'અમે તમારી ભાવના સ્વીકારી છે. તમે આ રકમ અમારી છે એમ માનીને લો.'

મેં તરત જ એ રકમ લઈ લીધી, કેમ કે એમના કહેવાનું તાત્પર્ય મારી સમજમાં આવી ગયું.

છતાં મેં પૂછ્યું, 'દાદા, તમે 'આપ્તવાણી' મફત શા માટે આપો છો ?'

ત્યારે દાદાએ કહેલું, 'મફત આપતો જ નથી ! પણ એનું જે મૂલ્ય છાપ્યું છે એ કોઈ ચૂકવતું નથી !'

'આપ્તવાણી'નું મૂલ્ય : 'હું કંઈ જાણતો નથી.' એ ભાવ અને 'પરમ વિનય' છપાયેલું હોય છે.

આ બે કથનોની ગહનતા સમજાતાં મને ખાતરી થઈ કે જ્ઞાનીપુરુષને જે જોઈએ છે એ કોઈ આપતું નથી. આપણે તો એમની અકારણ કરુણાથી જ એમની પાસે જઈ શકીએ છીએ અને એ કરુણાભાવથી આપણાં બંધનો શિથિલ થાય છે. એથી એમના સાંનિધ્યમાં આનંદ અનુભવાય છે.

મારામાં જૈન ધર્માચાર પ્રત્યે ઊંડો અને છૂપો તિરસ્કાર હતો. મારામાં સમજણની કેટલીક ગાંઠો બંધાઈ ગઈ હતી. દાદાએ ઊંડા પ્રેમભાવથી એ ગાંઠો છોડાવી. સૌ પ્રથમ તો નમસ્કારમંત્રમાં રહેલી શક્તિનો એમણે અનુભવ કરાવ્યો. દાદા જે રીતે નમસ્કારમંત્ર બોલાવતા એથી રોમરોમ પુલકિત થઈ ઊઠતા. એ પછી વૈષ્ણવ અને શિવ સંપ્રદાયના મંત્રો પણ બોલાવતા. આવું નિર્ગ્રંથ જૈન આચરણ મેં ક્યારેય ક્યાંય પણ જાણેલું-જોયેલું નહિ. દાદાએ આ ત્રિમંત્રની પ્રતિષ્ઠા દ્વારા કાળધર્મને અનુરૂપ સમન્વય-એકતા સ્થાપી દીધી. હું દાદાની આ દૃષ્ટિ ઉપર વારી ગયેલો.

દાદા સાથે મહેસાણાના હાઈ-વે પર આવેલા 'ભગવાન સીમંધર સ્વામી'ના દેરાસરમાં જવાનું થતું હતું. દાદાને ચાલવાની તકલીફ હોવાથી યુવાનો એમને ખુરશીમાં બેસાડીને ઊંચકીને લઈ જાય. ઉલ્લાસમાં આવીને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'ની ધૂન ચલાવતા. એ વખતે કેટલાંક સાધ્વીજીઓ ત્યાંથી પસાર થતાં હતાં તે માંહોમાંહે આ સ્થિતિનો ઉપહાસ કરતાં હતાં. એમાંથી એકે તો એમ પણ કહ્યું કે 'પોતે ભગવાન થયા છે તો અહીં કોનાં દર્શન કરવા આવે છે ?'

મને આ સાંભળીને કશો નકારાત્મક પ્રતિભાવ ન જાગ્યો. આવા જ્ઞાનીપુરુષને કેવી રીતે ઓળખી શકાય ? પરંતુ મને મનમાં એવું તો થયું જ કે આમને સાધ્વીજી ન ગણાય. સંસાર છોડીને આવ્યાં એવો દેખાવ થયો છે પણ સંસારીભાવ - નિંદા - ટીકા કરવાનો - છૂટ્યો નથી. જૈનધર્મમાં નાની ઉંમરે આવાં બાહ્યતપ કરાવાય એ પ્રત્યે અત્યંત ચીડ, ઘૃણા અને તિરસ્કારનો ભાવ મને રહ્યા કરતો હતો.

એક દિવસ દાદાની સાથે 'સીમંધર સ્વામી'ના દેરાસરમાં ગયેલો. અમારે સૌને ત્યાંના રસોડે જમવાનું હતું. દાદા મને ભોજનશાળાના દરવાજા પાસે લઈ ગયા અને મને એમની બાજુમાં બેસાડ્યો. પછી મને કહે, 'હમણાં સાધ્વીજીઓ અહીં વહોરવા આવશે. એ દરેકને તમારે ઊભા થઈને બે હાથ જોડીને માથું નમાવીને પ્રણામ કરવાનાં છે.'

દાદા કાંઈ પણ કરવાનું કહે ત્યારે મને પ્રશ્ન ન થાય. લગભગ અડધો કલાક લગી આ પ્રમાણે મેં કર્યા કર્યું. વંદનકાર્ય પૂરું થયું પછી દાદાએ મને કહ્યું, 'ચાલો, બધું ચોખ્ખું થયું અને દેવદેવીઓ તમારા ઉપર પ્રસન્ન થયાં અને અંદર શક્તિઓ વધી.'

દાદાનું આ પરિણામ-વિધાન મને સમજાયું નહિ. ત્યારે દાદાએ કહ્યું, 'આપણામાં કોઈના કોઈ પણ પ્રકારના કાર્ય પ્રત્યે તિરસ્કાર-ઘૃણા ન હોવાં ઘટે. તમે આ બધાંને પ્રણામ કરીને હવે ચોખ્ખા થયા છો. તમે આ રીતે પ્રણામ કરો ત્યારે વાતાવરણમાં રહેલ જે વિવિધ શક્તિઓ - દેવ-દેવીઓ પ્રસન્ન થાય છે. અને પ્રણામ કરતી વખતે

તમે નમતા હતા ત્યારે દરેક સાધ્વીજી તમને હાથ - ઊંચો કરીને આશીર્વાદ આપતાં હતાં. હવે આશીર્વાદ આપવાની શક્તિ બધાંમાં ન હોય. જે ભગવાનરૂપે પ્રગટ્યા હોય એની પાસે આશીર્વાદ વર્તાય, પરંતુ આ લોકો આશીર્વાદ આપે એટલા પ્રમાણમાં એમનામાં શક્તિ ઘટે અને આપણે નમ્યા એથી આપણામાં શક્તિ વધે.'

પણ એ વખતે તો મારી મતિમાં દાદાની વાત બરાબર ઠસી ગઈ હતી. આજે પણ કોઈ પણ જૈન સાધુ-સાધ્વી, ઉપાચાર્ય કે અન્ય કોઈને જોતાં હું ભાવનાપૂર્વક પ્રણામ કરું છું. એવી ભાવના ધારણ કરું છું કે એમનામાં પણ ભગવાન બિરાજેલા છે. તિરસ્કાર, ચીડ, ઘૃણાથી મને જ નુકસાન છે એનું જીવતું ભાન જાગૃત થયું. એક મજબૂત ગાંઠ છૂટી ગઈ.

દાદા, સમૂહને તીર્થયાત્રા કરાવતા. એવી યાત્રાઓ પાછળનો હેતુ જાણીને મૂર્તિનાં દર્શનનો મર્મ ખુલ્લો થયો. મૂર્તિનાં દર્શનની અવગણના થતી બંધ થઈ. મૂર્તિ પ્રત્યે જોવાની મારી દૃષ્ટિ જ સૂલટાઈ ગઈ. દાદા તો દેરાસરમાંની અન્ય મૂર્તિઓને પણ બે હાથ જોડીને પ્રણામ કરતાં કરતાં ચાલે. ક્યારેક ક્યારેક કેટલીક નાની મૂર્તિઓની વિશેષતા પણ સમજાવે. એની ગૂઢતા-ગુહ્યતા પણ કહે. મને એ બધું સ્વીકાર્ય બનતું.

આવી કેટલીક ગ્રંથિઓ ભેદાતાં હું અનોખી હળવાશ અનુભવવા લાગ્યો. દાદાના સત્સંગથી મારો વ્યવહાર ઊજળો બનવા લાગ્યો.

દાદાની અપાર કરુણાનું અમૃત એમની દૃષ્ટિમાંથી વહ્યા કરતું મને અનુભવાતું હતું. દાદાનું એક વચન હતું કે **'અમે અમારી આંખોથી ધવરાવીએ છીએ.'** આ અત્યંત માર્મિક વિધાન છે. અમૃતપાન કેવળ કરુણાથી શક્ય બને. મા એના સંતાનને સ્તનપાન કરાવીને માત્ર દૂધ જ આપતી નથી, એના દિલનું વહાલ પણ બાળકને આપે છે. જ્યારે અહીં તો પરમપુરુષની ચેતનાશક્તિનું પ્રેમ અને કરુણાથી દિવ્યજીવનને પોષનારું અમૃતપાન કરાવાતું હોય છે.

આવા કરુણાભાવનો વિશેષભાવે અનુભવ મને બામણવાડજીમાં થયેલો. હું સવારમાં ઊઠીને પરવારતો હતો. નાહવાનું બાકી હતું ત્યાં જ દાદાએ મને બોલાવવા એક યુવાનને મોકલ્યો. મેં કહ્યું કે 'નાહીને આવું છું.'

તો ફરીથી એ જ યુવાને આવીને મને જણાવ્યું કે 'હમણાં જ બોલાવે છે.'

સહેજ પણ વિલંબ વિના હું દાદા પાસે પહોંચ્યો. બેત્રણ જણ દાદાની સામે બેઠેલા. પછી દાદાએ કહ્યું કે 'હું બોલાવું એમ બોલો.' મેં એ પ્રમાણે કર્યું અને પછી કહ્યું, 'હવે આંખો બંધ કરો. અને વિષય સંબંધી જે જે દોષો થયા હોય એ માટે રમેશભાઈને ઠપકો આપજો. પહેલો દોષ થયો હોય ત્યાંથી જોવાનું શરૂ કરજો.'

એ પ્રમાણે શરૂઆત કરતાં હું, 'મારાથી' અલગ થઈને 'મને' જોતો હતો. અને વિષય સંબંધી દોષો થયેલા એ અંગે 'આ યોગ્ય ન કર્યું.' એવો ઠપકો આપ્યા કરતો હતો. ફિલ્મની જેમ દશ્યો પસાર થતાં હતાં. આ સિવાયનું કશું જ સ્મરણમાં આવતું ન હતું. છેક છેલ્લો કરેલો દોષ દેખાયો પછી દાદાનો અવાજ 'જય સચ્ચિદાનંદ' સંભળાયો અને મારી આંખના પોપચાં ઊંચકાયાં. આ પહેલાં મને આંખ ખોલવાની વૃત્તિ પણ થઈ ન હતી. મને

એમ થયું કે દસેક મિનિટ થઈ હશે, પરંતુ પચાસ મિનિટ થઈ હતી !

દાદાએ 'સામાયિક' કરાવ્યું - એમ મને જણાવ્યું અને કહ્યું, 'આટલા પ્રમાણમાં ચોખ્ખા થયા. અંદર જે દૃશ્ય હતું એના 'આપણે' દૃષ્ટા હતા. સાધારણ રીતે આપણી દૃષ્ટિ દૃશ્યમાં જ હોય છે. હવે દૃષ્ટિને દૃષ્ટામાં ધારણ કરવાનો અભ્યાસ કરવાથી આત્મસ્વરૂપમાં રહેવાય. એ જ દર્શન થયું કહેવાય.'

આમ તો બંધ આંખે આપણને અંધારું જ ભાસે. જ્યારે આ વિધિ દરમિયાન 'હું' જે દૃશ્યોને જોતો હતો એ તદ્દન સ્પષ્ટ હતાં. અને એ પૂરું થતાં જાણે આંતરિક ઉજાસ અનુભવેલો. એક જ વિષયને લક્ષ કરીને એ બાબતમાં દૃશ્યોને 'હું' પહેલી વાર જોઈ શક્યો.

બીજો એક વિલક્ષણ અનુભવ અમદાવાદમાં એક સત્સંગ દરમિયાન થયેલો. દાદાએ મને અને મારાં પત્ની અરુણાને બોલાવ્યા. અમે બંને એમની પાસે જઈને ઊભાં રહ્યાં. પછી મને કહે, 'તમે મન, વચન અને કાયાથી કેટલા બધા દોષ કર્યા છે ? તો તમે પગે પડીને આમની માફી માગો.' મેં દાદાના સૂચવ્યા પ્રમાણે કર્યું. પછી દાદાએ અરુણાને મારા પ્રત્યે એ જ પ્રમાણે કરવાનું સૂચવ્યું.

એ પછી અમે અમારે સ્થાને બેસી ગયાં. પછી દાદાએ બધાંને પ્રતિક્રમણની - ક્ષમાયાચનાની - વિધિ બોલાવીને પરસ્પરની માફી માગવાનું કહ્યું. બધાં એકબીજાંને પગે લાગીને માફી માગતાં હતાં ત્યાં સૌનાં હૃદય ભરાઈ જતાં હતાં. અને આંખમાંથી આંસુ વહેતાં હતાં. ક્યારેક તો હીબકાં ભરાઈ જતાં હતાં. જાણે ધ્રુસકે ધ્રુસકે રડાશે એમ થતું હતું અને ઘણાંને એવું થયું પણ હતું.

આ આંસુ ઊંચાં પ્રકારનાં હતાં. એ હૃદયને શુદ્ધ કરતાં હતાં.

સામાયિકથી હૃદયાવકાશ ખૂલતું હતું તો પ્રતિક્રમણથી હૃદય શુદ્ધ થઈને પવિત્ર બનતું હતું.

દાદાએ આ બંને વિધિ આપીને મુમુક્ષુઓને મોક્ષમાર્ગ ઉપર ગતિશીલ કર્યા છે. એમાંય પ્રતિક્રમણ તો જાણે ક્ષણેક્ષણની ક્રિયા હોય એમ લાગે. રાગ અને દ્વેષ બંને હોય છે. 'શુદ્ધાત્મા' સિવાયનાં બધાં જ સ્મરણો વિસ્મરણ યોગ્ય છે. આથી એવાં સ્મરણોનું પણ પ્રતિક્રમણથી શોધન કરી દેવાનું હોય છે. જ્ઞાનીપુરુષના આકાશી શબ્દોથી સમર્થ બનેલી આ વિધિ સાચું પ્રતિક્રમણ કરાવી શકે છે.

મારા માટે 'નવ કલમો' અને 'પ્રતિક્રમણ' ઉત્તમ સાધનો જણાયાં છે. એ ક્રિયાકારી છે. 'નવ કલમો'માં તો પ્રચંડ શક્તિ પ્રેરવાનું સામર્થ્ય છે. એ શબ્દોમાં મંત્રશક્તિ છે. અને 'પ્રતિક્રમણ' એ તો 'ક્ષમા-યાચના'નો મૌલિક - નૂતન અભિગમ છે. એ દ્વારા શોધનની પ્રક્રિયા થાય છે. પશ્ચાત્તાપથી તપસ્યા થાય છે અને એ તપસ્યા આંતરિક શુદ્ધિ કરે છે. મોક્ષના અનુભવ માટે આ બંને બાબતો અનિવાર્ય અને પૂરક છે. આ ક્રિયા માત્ર કર્મકાંડરૂપ થવી ન જોઈએ, પરંતુ જ્ઞાનપૂર્વકની ભાવના સાથે થવી જોઈએ, દિવસ દરમિયાન પ્રત્યેક વ્યવહારમાં ઉપયોગમાં લેવાનો પુરુષાર્થ થવો ઘટે.

સામાયિકની વિધિથી મેં આંખો મીંચીને ઉજાસ અનુભવ્યો અને પ્રતિક્રમણથી જે આંસુ વહ્યાં એથી શુદ્ધિનો અનુભવ થયો.

'મળ્યા-ફળ્યાની કેડી',
પ્ર. આ., પૃ. ૧૫૬ થી ૧૬૫ (સંકલન)

"સ્વામીજી એવું સાંભળ્યું છે કે સૂક્ષ્મ જગતમાં દરેક વ્યક્તિના એક સ્પિરિચ્યુઅલ ગાઈડ હોય છે. આ વિશે વધુ જાણવાની મારી ઇચ્છા છે." મારા વડીલ મિત્ર પુષ્કરભાઈએ સ્વામીજીને સવાલ પૂછ્યો.

"હા તમે જે સાંભળ્યું છે એ સાચું છે. સ્પિરિચ્યુઅલ ગાઈડ એટલે કે માર્ગદર્શક ચોક્કસ હોય છે પણ પૃથ્વી પર જેટલા પણ મનુષ્યો જન્મ લે છે તે બધા જ મનુષ્યોના સ્પિરિચ્યુઅલ ગાઈડ નથી હોતા. અમુક મનુષ્યો માત્ર પોતાના પાછલા જન્મોનાં કર્મોના ભોગવટા માટે જ જન્મ્યા હોય છે. કેટલાક મનુષ્યો તો પશુયોનિની જેમ જીવન જીવી જતા હોય છે. આ જીવનમાં તેમનો કોઈ Goal, કોઈ લક્ષ્ય કે હેતુ નથી હોતો. આવા જીવો મૂઢ અવસ્થામાં જીવન પસાર કરી દે છે. એમના કોઇ જ સ્પિરિચ્યુઅલ ગાઈડ નથી હોતા."

"આ બધા મૂઢ જીવોમાંથી કોઈ જીવ પોતાના પાછલા જન્મનાં કોઈ સારાં કર્મોના કારણે જાગૃત થઈ જાય અને આધ્યાત્મિક માર્ગે જો વળી જાય તો એને કોઈને કોઈ સ્પિરિચ્યુઅલ ગાઈડ સૂક્ષ્મ જગતમાંથી આપોઆપ મળી જાય છે. જે મદદ માગે છે એને આવી મદદ મળે જ છે. કારણકે દિવ્ય સત્તા દરેક જીવનું વ્યક્તિગત ધ્યાન રાખે જ છે. દરેક વ્યક્તિમાં રહેલો આત્મા દિવ્ય સત્તા સાથે હંમેશાં જોડાયેલો જ હોય છે.

"જેમ કે દિવાળીમાં આપણે ઘરની બહાર લાઇટની સિરિઝ લગાવીએ છીએ. એમાં જે રંગબેરંગી નાના નાના બલ્બ ચાલુ-બંધ થતા હોય છે તે બધા જ બલ્બ ભલે ગમે એટલા નાના હોય તો પણ છેવટે તો લાખો વોલ્ટના પાવર હાઉસ સાથે જ જોડાયેલા હોય છે. બસ એવી જ રીતે આ તમામ જીવોનું પણ સમજવું."

"સ્પિરિચ્યુઅલ ગાઈડ માત્ર એ લોકો સાથે જ હોય છે કે જેઓ કોઈ ચોક્કસ હેતુ કે ધ્યેય લઈને જન્મ્યા હોય છે. અને સ્પિરિચ્યુઅલ ગાઈડનો અર્થ અહીં આધ્યાત્મિક ગાઈડ નહીં સમજવો પરંતુ "સ્પિરિટ વર્લ્ડનો કોઈ દિવ્ય આત્મા" એમ સમજવું. પછી એ હેતુ ગમે તે હોય !"

"જેમકે સંગીતમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાનો હેતુ લઈને પૃથ્વી ઉપર કોઈ આત્માએ જન્મ લીધો હોય તો એનો ગાઈડ સંગીત શાસ્ત્રનો જાણકાર કોઈ દિવ્ય આત્મા હોય જે જરૂર પડે ત્યારે સૂક્ષ્મ જગતમાંથી એને પ્રેરણા આપ્યા કરે. લેખકને નવી નવી પ્રેરણા પણ આવો જ કોઈ વિદ્યાધરલોકનો દિવ્ય આત્મા આપ્યા કરે છે.'

"જરૂર નથી કે ગાઈડ માત્ર આધ્યાત્મિક જ હોય ! હા, જેમને આધ્યાત્મિક માર્ગે જવું હોય, રોજ ધ્યાનમાં બેસતા હોય એવા મુમુક્ષુ જીવાત્માઓને માર્ગદર્શન આપવા માટે ચોક્કસ સ્પિરિચ્યુઅલ ગાઈડ સૂક્ષ્મ જગતમાંથી નીચે આવે

છે. તમે ઈશ્વર તરફ ચાર ડગલાં ચાલો તો ઈશ્વર તમારી તરફ છ ડગલાં ચાલે છે.''

''ઘણીવાર એવું પણ બને છે કે શરૂઆતમાં તમારો ગાઈડ જે તે ક્ષેત્રનો કોઈ બીજો જ દિવ્ય આત્મા હોય. પરંતુ તમે દીક્ષા લઈ લો અથવા તો કોઈ સંપ્રદાયમાં ભળી જાઓ તો એ સંપ્રદાય અથવા ગુરુના મંડલમાંથી જ કોઈ ઉચ્ચ આત્મા તમારો સ્પિરિચ્યુઅલ ગાઈડ બની જાય અને જૂનો ગાઈડ અલગ થઈ જાય.

''બીજી એક વાત, તમામ ગાઈડ પછી તે આધ્યાત્મિક હોય કે પછી બીજા કોઈ ક્ષેત્રના હોય તે તમામ ઉચ્ચ આત્માઓ ચોથા લોકમાંથી જ આવતા હોય છે. પાંચમા લોકથી સાચા અર્થમાં આત્મજગત ચાલુ થાય છે. એટલે પાંચમા લોકમાં પહોંચી ગયેલા અને ત્યાં જ નિવાસ કરતા સિદ્ધ આત્માઓ કોઈના સ્પિરિચ્યુઅલ ગાઈડ બનતા નથી. પાંચમા લોકના સિદ્ધ આત્માઓ કોઈપણ સંપ્રદાયથી પર હોય છે. એ માત્ર પરમ ચેતનાને જ માને છે. આવા દિવ્ય અને સિદ્ધ આત્માઓ, સમાધિ અવસ્થા સુધી પહોંચી ગયેલા ભાગ્યશાળી આત્માઓને જ ધ્યાનમાં પ્રેરણા આપતા હોય છે.'

''બીજી એક વાત એ પણ છે કે સ્પિરિચ્યુઅલ ગાઈડ બહુ જ ઉચ્ચ લેવલના આત્મા જ હોય એવું જરૂરી નથી. ઘણીવાર તમારા પોતાના જ કુટુંબના દાદા દાદી કે જેઓ પોતાનું જીવન ઈશ્વરપરાયણ થઈને જીવ્યા હોય એવા પવિત્ર આત્માઓ પણ તમારા ગાઈડ બનતા હોય છે. એવા પવિત્ર આત્માઓને પણ એમના જ કુટુંબમાં નવા જન્મ લેનારા આત્માઓના ગાઈડ બનવાની ડ્યૂટી આપવામાં આવે છે.''

''જે બહુ જ ઉચ્ચ લેવલના સ્પિરિટ હોય એટલે કે આત્માઓ હોય તેમને અનેક આત્માઓના સ્પિરિચ્યુઅલ ગાઈડ બનાવવામાં આવે છે. સ્પિરિચ્યુઅલ ગાઈડ સબકોન્સિયસ માઈન્ડ સાથે સીધા જોડાયેલા હોય છે. તેઓ ત્રીજા કે ચોથા લોકમાં બેઠા બેઠા તમામ આત્માઓનું ધ્યાન રાખતા હોય છે. જેવી રીતે ક્લાસ ટીચરની નજર પોતાના ક્લાસમાં બેઠેલા તમામ વિદ્યાર્થીઓ ઉપર હોય છે.

''ઘણીવાર એવું પણ હોય છે કે, કોઈના ગાઈડ બીજા ધર્મના પણ હોય છે. જેમકે હિન્દુ કુટુંબોમાં જન્મેલ વ્યક્તિનો ગાઈડ કોઈ ક્રિશ્ચિયન પણ હોય કે મુસ્લિમ પણ હોય. આનું કારણ એ છે કે દરેકનો મોટિવ કે હેતુ આધ્યાત્મિક નથી હોતો. ઘણા આત્માઓ કળાકાર બનવાની તીવ્ર ઈચ્છા સાથે જન્મ લે છે અથવા તો કોઈ વિદ્યામાં પ્રવીણ થવા માગતા હોય છે. જેમકે સંગીત, પેઈન્ટિંગ, લેખન, નૃત્ય, અભિનય જેવી કળા હોય કે પછી જ્યોતિષ, આયુર્વેદ, સાયન્સ, મેડિકલ સાયન્સ જેવી કોઈ વિદ્યા હોય.'

''તો આવા આત્માઓના માર્ગદર્શક જે તે ક્ષેત્રના નિષ્ણાત દિવ્ય આત્માઓ જ હોય છે પછી ભલે તે પૃથ્વી ઉપર હોય ત્યારે કોઈપણ ધર્મ પાળતા હોય ! એમનું કામ તેમને સોંપાયેલ આ તમામ આત્માઓને જે તે ક્ષેત્રમાં પ્રેરણા આપવાનું જ હોય છે. માત્ર આધ્યાત્મિક પ્રગતિ કરવાના

સંકલ્પ સાથે જન્મેલા આપવાના આત્માનો ગાઈડ સનાતન ધર્મને માનનારો હોય છે.''

''જી, ગુરુજી આજે આપશ્રીએ ખૂબ જ સરસ રીતે સ્પિરિચ્યુઅલ ગાઈડ વિશે અમને માર્ગદર્શન આપ્યું. એ જ રીતે એન્જલ્સ એટલે કે પાંખોવાળા દેવદૂતો વિશે પણ ઘણું સાંભળ્યું છે તો આવા દેવદૂતો ખરેખર હોય છે ?'' પુષ્કરભાઈ બોલ્યા.

''હા સ્વામીજી. અમે અહીં આવ્યા જ છીએ તો આ વિશે પણ આપના મુખેથી અમારે સાંભળવું છે. કારણકે આવો મોકો ફરી અમને ક્યારે પણ નહિ મળે.'' મેં પણ પુષ્કરભાઈની વાતને અનુમોદન આપ્યું.

''ખૂબ સારો સવાલ તમે પૂછ્યો છે. અત્યારે પણ બે દેવદૂતો મારી સાથે બેસીને આપણો વાર્તાલાપ સાંભળી રહ્યા છે. તમે અમૃતસરના સુવર્ણ મંદિર વિશે તો સાંભળ્યું જ હશે. આ મંદિરમાં દર્શનાર્થીઓની સેવા કરનારા ઘણા બધા સ્વયંસેવકો હોય છે. જે લંગરમાં પણ પોતાની સેવાઓ આપે છે. એ જ રીતે ઘણા બધા ધર્મોમાં આ રીતે સ્વયંસેવકો જોડાયેલા હોય છે. સ્વામિનારાયણ ધર્મમાં પણ મેં જોયું છે. એમનું કાર્ય દર્શનાર્થીઓને અને ભક્તોને માર્ગદર્શન આપવાનું હોય છે. તે ઉપરાંત જે લોકો પહેલીવાર ત્યાં દર્શન માટે આવે તો તે બધાને ઈશ્વર તરફ વાળવા માટે ધર્મનો પ્રચાર કરવાનું પણ હોય છે.''

''આ એક પ્રકારની શિસ્ત હોય છે. તેઓ કોઈ પગારદાર કર્મચારી નથી હોતા પરંતુ સ્વૈચ્છિક રીતે સેવાઓ આપવા માટે મંદિરમાં પ્રસંગોપાત્ત હાજર થતા હોય છે. આપણે અહીં પંડાઓ કે પુજારીની વાત નથી કરતા પરંતુ નિઃસ્વાર્થ ભાવે દર્શનાર્થીઓને અને ભક્તોને મદદ કરનારા અને માર્ગદર્શન આપનારા વ્યક્તિઓની વાત કરીએ છીએ. પૃથ્વી ઉપર આ લોકોને જીવતા દેવદૂતો અથવા એન્જલ્સ તમે કહી શકો.''

''સૂક્ષ્મ જગતમાં પણ જેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જે ઈશ્વરની દિવ્ય શક્તિથી ખૂબ જ આગળ વધી ગયા છે, જેમના ઉપર ઈશ્વરના આશીર્વાદ મળેલા છે એવા આત્માઓ સ્વૈચ્છિક રીતે દેવદૂત બનવાનો કાર્યભાર સંભાળે છે. આખા બ્રહ્માંડમાં તેઓ વિચરે છે અને જ્યાં જ્યાં કોઈ માર્ગદર્શનની ઈચ્છા વ્યક્ત કરે તો તરત તેઓ ત્યાં પહોંચી જાય છે.''

''એમનું કાર્ય માત્ર અને માત્ર જ્ઞાન આપવાનું છે, સમજણ આપવાનું છે, માર્ગદર્શન આપવાનું છે અને આત્માની ઊર્ધ્વગતિ કરાવવાનું છે. ક્યારેક આવા દેવદૂત બનેલા આત્માઓ પૃથ્વી ઉપર પણ આવે છે અને જે લોકો અધ્યાત્મના માર્ગે આગળ વધેલા છે માત્ર તેમને જ માર્ગદર્શન આપવા માટે આવે છે. સંસારી લોકો પાસે જતા નથી.''

"આધ્યાત્મ માર્ગમાં કોઈ મૂંઝવણ આવતી હોય, ધ્યાન કરવામાં કોઈ પ્રશ્નો ઊભા થતા હોય તો સબકોન્સિયસ માઇન્ડ સાથે જોડાઈને આવો કોઈ દેવદૂત અંદરથી જવાબ આપે છે, જે લોકો ઉચ્ચ અવસ્થા સુધી ધ્યાનમાં પહોંચી ગયા હોય છે તેમને દેવદૂતોનો અવાજ પણ સંભળાય છે જ્યારે જે લોકો હજુ માત્ર શરૂઆત કરી રહ્યા છે તેમને પોતાના અંતરમાંથી પ્રેરણા મળે છે."

"જે ઉચ્ચ પવિત્ર આત્માઓને દેવદૂત અથવા મેસેન્જર બનવાની ઇચ્છા હોય તેમનું સિલેક્શન પાંચમા લોક સુધી પહોંચી ગયેલા સિદ્ધ મહાત્માઓ કરતા હોય છે. દેવદૂતો માત્ર ચોથા લોકમાં જ નિવાસ કરતા હોય છે. પૃથ્વી ઉપર જેમનાં સાતે સાત ચક્રો ખુલી ગયાં હોય એવા આત્માઓ જ દેવદૂત અથવા મેસેન્જર બનતા હોય છે."

"સ્વામીજી આ દેવદૂતો માત્ર પુરુષ આત્મા જ હોય છે કે સ્ત્રી આત્મા ?" મેં સ્વામીજીને સવાલ કર્યો.

સ્વામીજી હસી પડ્યા. એમણે હસતાં હસતાં જ કહ્યું. "જુઓ સ્ત્રી અને પુરુષનો ભેદ માત્ર ચોથાલોક સુધી જ હોય છે. પાંચમા લોકથી આત્મ જગત ચાલુ થાય છે. એટલે ત્યાં માત્ર આત્માનું જ અસ્તિત્વ હોય છે. ત્યાં સ્ત્રી આત્મા કે પુરુષ આત્મા જેવું કંઇ હોતું નથી."

"પરંતુ ચોથા લોક સુધી ચોક્કસ સ્ત્રી અને પુરુષનો ભેદ છે. એટલે ચોથા લોકમાં પુરુષ દેવદૂત અને સ્ત્રી દેવદૂત પણ નિવાસ કરતાં હોય છે. સ્ત્રી દેવદૂતોને આપણે પરીઓ કહીએ છીએ. સ્ત્રી દેવદૂતો પૃથ્વી ઉપર માત્ર સ્ત્રીઓને જ માર્ગદર્શન આપવા માટે જાય છે."

"હવે રહી પાંખોની વાત. દરેક દેવદૂત જે ઇચ્છે તે સ્વરૂપ ધારણ કરી શકે છે. તમે જે સ્વરૂપે દેવદૂતને જોવા માંગો એ સ્વરૂપે એ તમને દેખાઈ શકે છે. આપણી વાર્તાઓમાં પણ સ્વર્ગની પાંખોવાળી પરીઓની કલ્પના છે જ. ટૂંકમાં તમારી કલ્પના સાથે જ આ બધું વિશ્વ જોડાયેલું છે.

"જે લોકોએ સારાં કર્મો કર્યાં હોય, આખી જિંદગી લોકોની સેવા કરી હોય એવા લોકોના આત્માને લેવા માટે આવા દેવદૂતો પણ હાજર થઇ જતા હોય છે કારણકે દરેકના મૃત્યુની તારીખ સૂક્ષ્મ જગતમાં બધા જાણી શકતા હોય છે."

"બ્રહ્માંડમાં વ્યાપેલું આ એક જબરદસ્ત નેટવર્ક છે જે હું તમને શબ્દોમાં સમજાવી શકતો નથી. મેં તો નજરોનજર જોયું છે. કેટલું અદ્‌ભુત રીતે આ નેટવર્ક ઉપર ચાલી રહ્યું છે. ઈશ્વર પોતે જ ઇચ્છે છે કે દરેક જીવ કર્મના બંધનમાંથી મુક્ત થાય, પ્રાયશ્ચિત્ત કરે અને પોતાના "સ્વ" સ્વરૂપને ઓળખે. એટલે ઈશ્વરની કૃપા અને કરુણા સતત વહેતી હોય છે. આ કૃપા અને કરુણાનો પ્રસાદ લઈને આ દેવદૂતો સારા આત્માઓને શોધે છે."

**ક્રમશઃ**

## (૭) મહાજન શક્તિદળનો અહેવાલ

**પ્રા.સ્નેહાબહેન પટેલ**

પૂજ્ય શ્રીમોટાપ્રેરિત મહાજન શક્તિદળ દ્વારા દર વર્ષે ગુજરાત રાજ્યની શાળા-કૉલેજની બહેનોની જુદી જુદી સ્પર્ધાઓ યોજાય છે. પૂજ્ય શ્રીમોટાની ભાવના પ્રમાણે બહેનોનાં શરીર સુદૃઢ બને અને તેમનામાં સાહસ, હિંમતના ગુણ વિકસે અને સ્વરક્ષણ માટે શક્તિમાન બને તે હેતુથી કબડ્ડી, વોલીબોલ, કરાટે, જુડો, ચેસ, સાઇકલ, રસ્સાખેંચ વગેરે સ્પર્ધાઓ થાય છે. ઉપરાંત તરણ, શૂટિંગ, યોગાસન વગેરે માટે તાલીમ શિબિરોનું ગ્રીષ્મ શિબિરોનું આયોજન રાજ્યના જુદાં જુદાં સ્થળોએ થાય છે.

વર્ષ સને ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન નીચેની સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું.

(૧) ચેસ સ્પર્ધા બે ભાગમાં યોજાઈ તા.૧-૧૦-૨૦૨૩.

શાળાકીય વિભાગમાં ધો.૧ થી ૧૦ - ૫૪ બહેનોએ ભાગ લીધો.

ઓપન વિભાગમાં કુલ-૧૬ બહેનોએ ભાગ લીધો. સ્થળઃ તીર્થકલબ. ગાંધીઆશ્રમ પાસે, અમદાવાદ.

(૨) વૉલીબોલ સ્પર્ધાઓઃ- સ્થળ : ગાંધીનગર તા. ૩૦-૧૨-૨૦૨૩

શાળાકીય વિભાગમાં કુલ-૬ ટીમોએ ભાગ લીધો. ચેમ્પિયન ટીમઃ બ્લીસ ઇન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, માણસા, જી.ગાંધીનગર.

રનર્સ અપઃ કન્યા વિદ્યાલય વળાવડ-ભાવનગર.

ઓપન વિભાગઃ- ચેમ્પિયના ટીમ : શારીરિક શિક્ષણ સાદરા.

રનર્સઅપ ટીમ :- એસ.એલ.યુ.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ-અમદાવાદ.

ઈનામ વિતરણ સમારંભમાં હેમાબહેન કોર્પોરેટર ઉપસ્થિત રહી દરેક ખેલાડીને ડોકયુમેન્ટ ફાઇલ તથા પ્રથમ - દ્વિતીય ટીમની સંસ્થાને ટ્રોફી એનાયત કરવામાં આવી. તથા સર્વે ખેલાડીઓને મોમેન્ટો, તથા પ્રથમ, દ્વિતીય, તૃતીયને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ અપાયા. દરેકને બપોરનું જમવાનું તથા નાસ્તો તથા એક તરફનું વાહનખર્ચ પણ આપવામાં આવેલ. આ સ્પર્ધાનું સફળ સંચાલન શ્રી હરેશભાઈ ચૌધરી તથા તેમના ગ્રુપે કર્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર, માણસા, અમદાવાદ, સાદરા, ભાવનગર અને રાજકોટ વગેરે ટીમોએ ભાગ લીધો હતો.

(૩) કબડ્ડી સ્પર્ધાઓ :- તા.૨૫-૦૨-૨૦૨૪ રવિવાર સવારે ૮.૦૦ કલાકે

સ્પર્ધા સ્થળઃ- સ્પોર્ટ્સ ઓથોરિટિ ઓફ ગુજરાત રમત સંકુલ, ખોખરા, પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર અમદાવાદ.

આ સ્પર્ધાનું આયોજન બે વિભાગમાં થયું.

(૧) શાળાકીય વિભાગમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો. જેમાં શેઠ સી.એલ. હાઈસ્કૂલ, અમદાવાદ ચેમ્પિયન બની તથા શ્રી નારાયણ હાઈસ્કૂલ નરોડા, અમદાવાદ રનર્સઅપ ટીમ બનેલ.

(૨) ઓપન વિભાગ - ચેમ્પિયન ટીમ તોમર ફાઈટર્સ અમદાવાદ તથા રનર્સઅપ ટીમ ક્રોસ એકેડેમી અમદાવાદ રહેલ.

હંમેશ મુજબ તમામ હાજર ખેલાડી, કોચ, સ્ટાફને નાસ્તો, જમવાનું, વાહન ખર્ચ અપાયેલ. તમામ ખેલાડીને સર્ટીફિકેટ તથા વિજેતા સંસ્થાની ટીમને ટ્રોફી આપવામાં આવેલ.

(૪) જુડો સ્પર્ધા :- આ સ્પર્ધા પણ ઉપરોકત સ્થળે અને તારીખે યોજાઈ. જુડોની સ્પર્ધા વજનગ્રુપમાં ૧૬ વિભાગમાં કુલ ૭૦ બહેનોમાં ઉત્સાહપૂર્વક યોજાઈ.

દરેક ખેલાડીને મોમેન્ટો તથા પ્રથમ, દ્વિતીય, તૃતીય (બે) ખેલાડીને ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલથી નવાજવામાં આવ્યા. આ સ્પર્ધાનું સફળ સંચાલન અનીતા વાલવડકર, કોચ કલ્પના પટેલ, વાસુદેવ કદમ તથા અન્ય કોચશ્રીઓએ તથા મહાજન શક્તિદળના સર્વે હોદ્દેદારો તથા સક્રિય કાર્યકર શ્રી ઈન્દુભાઈ પરમાર, વિદ્યાબહેન પટેલ, નિર્મળાબેન પરમાર, દક્ષાબેન દેસાઈ, ફાલ્ગુનીબેન જોષી, હીના સેવક વગેરેએ સક્રિય સાથ સહકારથી કરેલ.

દરેક ખેલાડી તથા સ્ટાફને નાસ્તો, જમવાનું તથા ટીમોને વાહનખર્ચ રાબેતામુજબ અપાયેલ હતું.

શ્રી મહાજન શક્તિદળ રાજપીપળા - અમદાવાદ દ્વારા યોજાતી તમામ સ્પર્ધામાં શ્રી હરિઃૐ સત્સંગ મંડળ અમદાવાદ તથા માનવકલ્યાણ ટ્રસ્ટ દ્વારા સહકાર અપાયો હતો તે બદલ સંસ્થાનો, ટ્રસ્ટીઓનો, હોદ્દેદારોનો આભાર વ્યકત કરેલ છે.

આ સંસ્થાના પ્રારંભમાં પૂજ્ય શ્રીમોટા તરફથી રૂપિયા એક લાખ કોર્પસફંડ તરીકે અપાયેલા અને તેનું વ્યાજ જ વાપરવાનું હોય છે. આ કારણે સમાજના અન્ય દાતાશ્રીઓના સહયોગથી ઉપરોકત પ્રવૃત્તિ મર્યાદિત ફલક ઉપર કરવામાં આવે છે. છેલ્લાં છ (૬) દાયકાથી આ સંસ્થા પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. છતાં તેનું પોતાનું કાર્યાલય નથી બનાવી શકી. આ હેતુ માટે સારી એવી રકમની જરૂરિયાત છે, જે મળ્યેથી કાર્યાલયની જોગવાઈ થઈ શકે તે માટેની આ જાહેર અપીલ પણ છે.

સંપર્ક :- ટ્રસ્ટીશ્રી, મહાજન શક્તિદળ
અમદાવાદઃ મો.નં. ૯૪૨૮૬૦૨૬૨૨

## ગયેલા આત્માને....

(૧) નરોડાનિવાસી સ્વજન હીરાબહેન રામભાઈ પ્રજાપતિ જૈફ વયે તા.૨૫-૦૮-૨૦૨૪ ના રોજ અક્ષરનિવાસી થયેલ છે.

(૨) સ્વજનશ્રી અરવિંદભાઈ ગાંધી (વાંઝ) તા.૩-૯-૨૦૨૪ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

(૩) હરિઃૐ આશ્રમ, નડિયાદના વર્ષોજૂના સેવક શ્રી અરવિંદભાઈ સી.સોઢા, રહેવાસીઃ કપરુપુર, તા.મહુધાના માતુશ્રી કંકુબેન ચંદુભાઈ સોઢાનું તા.૨૮-૬-૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે.

ઉપરોકત સર્વે સ્વજનશ્રીના આત્માને પૂજ્ય શ્રીમોટા શ્રેયકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના....

-સંપાદક

## (૮) હિંદુઓ પ્રજા તરીકે હજી શાથી જીવી રહ્યા છે ? ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા)

જગતમાં કેટલીક મહાન પ્રજાઓ થઈ ગઈ. ઈજિપ્શિયન, બેબિલોનિયન, એસિરિયન, ઈરાની, ગ્રીક અને રોમન. એ પ્રજાઓએ મોટાં મોટાં સામ્રાજયો સ્થાપ્યાં. દુનિયા આફરિન પોકારે તેવાં શહેરો વસાવ્યાં, સ્થાપત્યો ઊભાં કર્યાં, ફિલસૂફીની રચના કરી, રાજયવ્યવસ્થાની રચના કરી, ગણરાજયો સ્થાપ્યાં, પ્રજાસત્તાક રાજ્યો સ્થાપ્યાં અને સામ્રાજયો પણ ઊભાં કર્યાં. આજે એ પ્રજાઓનું નામનિશાન પણ રહ્યું નથી, જયારે જગતમાં હિંદુઓ અને ચીનાઓ હજી આજે પણ પ્રજા તરીકે જીવી રહ્યા છે. એમની પાછળ ૫૦૦૦ વર્ષ જૂનો ઈતિહાસ અને સંસ્કૃતિનું પીઠબળ છે. આવતી કાલે શું થશે એ તો ભગવાનને માલૂમ, પરંતુ આટલાં વરસો સુધી એ પ્રજા કેવી રીતે જીવી શકી, અને કદાચ તેનો નાશ થાય તો કેવી રીતે થાય એનો આપણે વિચાર કરીએ.

હિંદુઓનો ધર્મ અને સંસ્કૃતિ એકબીજા સાથે ઓતપ્રોત થયેલાં હતાં. ધર્મ અને સંસ્કૃતિ એમના રોજના વ્યવહારમાં વણાયેલાં હતાં. એ ધર્મ એટલે કોઇ અમુક સ્વર્ગે જવાનો ધર્મ ન હતો. ધર્મનો અર્થ હિંદુઓ માટે ઘણો વિશાળ હતો. એનું મુખ્ય ધ્યેય હતું વર્ણાશ્રમધર્મ. તે ધર્મમાં નીતિમય જીવન ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. હિંદુ ધર્મનો સાર કાઢીએ તો એટલું કહી શકાય કે દરેક માણસે બને તેટલી હદે નીતિમય જીવન જીવી બીજાનું ભલું કરવું. તેને કોઇનું અહિત કરવાનો જરા પણ અધિકાર ન હતો.

મહાભારતમાં વ્યાસ ભગવાને કહ્યું કે: હું બે હાથ ઊંચા કરીને કહું છું કે મને સાંભળતાં કેમ નથી ? એમનું કહેવાનું બહુ ટૂંકું હતું:

“ધર્મથી અર્થ ને કામ, માટે ધર્મ ત્યજો નહિ.”

ધર્મની પાછળ લક્ષ્મી અને કીર્તિ બંને આવે છે. ધર્મનો ત્યાગ કરશો નહિ. સુભાષિતમાં પણ કહેવામાં આવ્યું છે કે:

**आहारनिद्राभयमैथुनं च**
**सामान्यमेतत् पशुभिर्नराणाम् ।**
**धर्मो हि तेषामधिको विशेषो**
**धर्मेण हीनाः पशुभि समाना ः॥**

પશુ અને માણસમાં ઊંઘવું, ડરવું, ખાવું અને મૈથુન એ ચાર બાબતો સમાન છે. માણસમાં ફકત ધર્મ જ વધારે છે. આ ધર્મ વગર માણસ પશુ સમાન છે.

ભતૃહરિ પણ માણસની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે:

**येषां न विद्या न तपो न दानं**
**ज्ञानं न शीलं न गुणो न धर्मः ।**
**ते मर्त्यलोके भूवि भारभूताः**
**मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥**

જેનામાં વિદ્યા નથી, તપ નથી, દાન કરવાની વૃત્તિ નથી, જેણે વિદ્યા ભણીને પણ જ્ઞાન મેળવ્યું નથી અને જેનામાં ચારિત્ર્ય નથી. તેણે ગમે તેટલું ભણતર તથા જ્ઞાન મેળવ્યું હોય તો પણ તે ગટરમાં વહેતા ગંગાજળ સમાન છે. જેનામા સદ્‌ગુણો નથી

અને છેવટે ધર્મ નથી તે આ પૃથ્વી ઉપર ભારરૂપ છે. તે માણસના જેવો દેખાવા છતાંય જાનવરની માફક ભટકયા કરે છે.

આ ઉપરાંત મહાભારતયુગની અગાઉના ઉપનિષદ કે વેદકાળ ઉપર નજર નાખીએ તો આપણને જોવા મળશે કે હિંદુઓએ ધર્મ ઉપર ખાસ ભાર મૂક્યો છે. હિંદુ શબ્દમાં સિંધુ પ્રદેશની પૂર્વમાં રહેનારા બધા આવી જાય છે. અત્યારના હિંદુ કોડ બિલ પ્રમાણે એમાં હિંદુઓ, બૌધ્ધો, જૈનો, શીખો વગેરે અસલના હિંદુ સંસ્કૃતિ પ્રમાણે વર્તનારા બધા જ આવી જાય.

ભારતમાં હિંદુઓનો મોટો ગુણ એ છે કે સહિષ્ણુતા તેમના લોહીમાં છે. કોઇ પણ માન્યતા અંગે વાદવિવાદ થતાં બંને પક્ષો એકબીજાને શાંતિથી સાંભળતા. બૌધ્ધો તથા જૈનો અને હિંદુઓ વચ્ચે વાદવિવાદ થતા. રાજદરબારોમાં પણ આવી ચર્ચાઓ થતી હતી. જેને જે પસંદ પડે, તે અપનાવવાની છૂટ હતી. આજે પણ આપણને જોવા મળે છે કે પુરુષ હિંદુ હોય અને સ્ત્રી જૈન હોય અથવા તો સ્ત્રી હિંદુ હોય અને પુરુષ જૈન, પુરુષ વૈષ્ણવ હોય અને સ્ત્રી સ્વામીનારાયણ હોય કે શૈવ ધર્મ પાળતી હોય, છતાં કોઈ દિવસ ધર્મનો ઝઘડો બંને વચ્ચે થયો નથી. હિંદુઓના લોહીમાં સૈકાઓની અમુક જાતની રહેણીકરણીને લીધે સહિષ્ણુતા આવી ગઈ છે. ભર્તૃહરિએ બધા ધર્મનો સાર આ પ્રમાણે આપ્યો છે :

**प्राणाघानान्निवृत्तिः परधनहरणेसंयमः सत्यवाक्यम् ।**
**काले शत्कया प्रदानं युवतिजनकथा मूकभावः परेषाम्॥**
**तृषणांस्त्रोविमडगो गुरुषु च विनयः सर्वभूतानुकमपा।**
**सामान्यः सर्वशसोश्वनुपहतविधिः श्रेयसामेष पन्थाः ॥**

આ બધાં શાસ્ત્રોમાં સામાન્ય અને હિતકર વિધિ છે. આ સર્વશ્રેષ્ઠ માર્ગ છે. એ એ છે કે પ્રાણનો ઘાત કરવાની વૃત્તિથી દૂર રહો; કારણ સિવાય કોઈ પણ પ્રાણીનો વધ ન કરો. આખું જગત જો અનાજ ખાતું થાય તો જગતમાં દુકાળ ચાલુ રહે. જગતની પ્રજા માટે જોઈએ તેટલું અનાજ આ જગતમાં કોઈ વખત પાકયું નથી. આજે તો શું પરંતુ મહાભારતકાળમાં પણ પાકતું ન હતું. તેથી જૈન ધર્મ સિવાય કોઈ ધર્મે માંસ ખાવાની મના કરી નથી. મહાભારતમાં યયાતિ રાજાની વાત આવે છે. એમાં અતિથિધર્મને શ્રેષ્ઠ ગણાવ્યો છે. અતિથિઓ માટે માંસ રંધાવ્યાની પણ વાત છે. કૌશિક ઋષિનું આખ્યાન છે તેમાં એક ખાટકીને ધર્મ પ્રમાણે વર્તતો વર્ણવેલો છે. કૌશિક ઋષિને ધર્મનો ઉપદેશ એક ખાટકીનો છોકરો કહે છે. તે કહે છે: “હું મારો કુળધર્મ પાળું છું. જે કુળમાં જન્મ્યો એ કુળના ધર્મ પ્રમાણે ચાલવામાં જરા પણ અધર્મ નથી. હું ધન કમાવા માટે ખાટકીનું કામ કરતો નથી. ઘરમાં અમે ત્રણ માણસો છીએ. વૃદ્ધ માબાપ તથા હું. અન્નવસ્ત્ર મેળવવા ધંધો કરવો એ અધર્મ નથી, પરંતુ જરૂર કરતાં વધારે ભેગું કરવું એ અધર્મનું કામ છે; કારણ કે જરૂર કરતાં વધારે ભેગું કરવાથી આપણે બીજાની ચીજો છીનવી લઈએ છીએ. એ કામ તો હું કરતો નથી. ધર્મની આ બાજુ પણ મહાભારતમાં બતાવવામાં આવી છે. સ્વાર્થી થઈને વિદ્યાર્થી અવસ્થામાંથી સીધું સંન્યસ્ત લેવું એ અધર્મ છે.

**ક્રમશઃ**

## (૯) પૂજ્ય શ્રીમોટા સાથેનાં કેટલાંક સંસ્મરણો (નાના) અમરતભાઈ ગોવિંદભાઈ પટેલ

પરમ પૂજ્ય શ્રીમોટા સાથે મારે સંકળાવવાનું બને એવી કોઈ શક્યતા તો ન હતી, પરંતુ જેમની સાથે નિમિત્ત હોય તે સૌ ચેતનાનિષ્ઠ સાથે સંપર્કમાં આવે તે માટે અણધારેલા સંજોગો સર્જાતા હોય છે.

નરોડામાં અમારા વડીલ સરીખા શ્રી અમૃતભાઈ જેસંગભાઈની દીકરી પુષ્પાના સંબંધના શુભકાર્ય માટે અસારવાના મુખી શ્રી ચંદુભાઈને ત્યાં તેમની સાથે મારે પણ જવાનું થયું હતું. શ્રી ચંદુભાઈ મુખી પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં હતા અને તેમની વાતોમાં મોટા અંગેની જાણકારી અમોને મળતી હતી. તેઓનું કહેવું તો એવું હતું કે શ્રીમોટા મહાપુરુષ છે અને ભગવાનતુલ્ય છે. મને નાનપણથી ભગવાનની વાતોમાં રસ હતો જ એટલે એમની વાતો મેં રસપૂર્વક સાંભળી હતી.

તે પછી વડીલ શ્રી અમૃતભાઈ, નડિયાદના પૂજ્ય શ્રીમોટાના હરિઃૐ આશ્રમમાં મૌનમાં અનુષ્ઠાન માટે ગયા હતા. તેઓશ્રી મૌનમાંથી બહાર નીકળવાના હતા ત્યારે નડિયાદ આશ્રમે ગયો હતો.

એક વખત નરોડા આશ્રમે મોટાની પધરામણી હતી. શ્રી ઇંદુકાકા એટલે કે ગુરુકૃપા ગેસ્ટ હાઉસવાળા શ્રી ઇંદ્રવદન શૅરદલાલ શ્રીમોટાને સ્નાન કરાવતા હતા. એ વખતે હું બાજુમાં ઊભેલો હતો. ત્યારે શ્રીમોટાએ મને કહ્યું કે ‘અમૃતલાલ ! આ લુંગી પહેરીને બધે ફરીશ ?’ હરે રામ હરે કૃષ્ણવાળા પીળા કલરની લુંગી જે પહેરે તેવી તે લુંગી હતી. મેં મોટાને હા પાડી અને કહ્યું કે એ લુંગી પહેરીને હું બધે ફરીશ. તે વખતથી લગભગ એક મહિના સુધી મેં એ લુંગી પહેરી હતી. નરોડા ગામમાં અને અમદાવાદ શહેરમાં મારી દુકાનની જરૂરી વસ્તુઓ ખરીદવા જાઉં ત્યારે પણ એવી લુંગી પહેરીને જ જતોઆવતો ને બધે ફરતો હતો. તે પછી તો સફેદ કલરની લુંગીનો કાયમનો મારો પહેરવેશ થઈ ગયો હતો. સ્વજનોમાં પણ લુંગીવાળા અમૃતકાકા તરીકે મારી ઓળખાણ-પહેચાન થઈ ગઈ હતી.

શ્રીમોટા એક વખત નરોડા આશ્રમે હતા ત્યારે મને ખાસ બોલાવેલો. **મોટા મને કહે કે અમૃતલાલ તારા જીવનમાં એવો સમય આવશે કે તું ગાંડાની માફક થઈ જઈશ અને તારું બધું યદ્વાતદ્વા થઈ જશે,** પણ તું ગભરાઈશ નહિ. તે વખતે તારા રક્ષણ માટે હું તને મારા ગુરુમહારાજની કંઠી આપીશ. તે તું પહેરજે. મોટાના કહ્યા પ્રમાણે ખરેખર એવો તબક્કો મારા જીવનમાં આવેલો. શ્રીમોટાએ એ વખતે મને પહેરવા માટે કંઠી પણ આપેલી હતી. જે હું ચોવીસે કલાક પહેરી રાખતો હતો. મારી માનસિક સમતુલા ખરાબ થઈ ગઈ હતી, મને જ્યારે ને ત્યારે જ્યાં ને ત્યાં ભય દેખાયા કરતો, પણ કોણ જાણે એ કેવી રીતે બન્યું હશે. એ દિવસોમાં મારા મુખમાંથી સતત હરિઃૐ હરિઃૐ નો જપ ચાલુ રહ્યા કરેલો. હવે તો સમજણ પડે છે તે ખ્યાલ આવે છે કે શ્રીમોટાનાં કૃપાસહાયના કારણે જ એમ થતું હશે. હું હરિઃૐ બોલવાનું બંધ કરવા ઘણું મથું પણ એ તો બંધ થતું જ ન હતું. મારી આ સ્થિતિના અનેક લોકો સાક્ષી છે. આ બધું તેમણે નજરોનજર જોયેલું છે.

ઉપર પ્રમાણેની મારી માનસિક સ્થિતિ લગભગ છએક માસ જેવી રહી હશે અને સમગ્ર સમય

દરમિયાન મારાથી સતત નામસ્મરણ લેવાયા કરેલું. એના કારણે જાણે કે શૂળીનો ઘા સોયથી સર્યો હશે એ બધું તો મોટાને ખબર, પણ મારા જીવનનો એ કઠણ કાળ મોટાનાં કૃપાસહાયથી સમોસૂતરો પાર પડી ગયો હતો. એટલી વાત તો ચોક્કસ જ છે. આ ઘટના પછી એક વખત મેં શ્રીમોટાને કહેલું કે 'મોટા ! હવે પહેલાં જેવું નામસ્મરણ થતું નથી' ત્યારે તેઓએ કહેલું કે રોગ હોય ત્યાં સુધી જ ડૉક્ટર દવા આપે.

આ પ્રસંગ પછી તો મારા જીવનની નાનીમોટી વાતો હું શ્રીમોટાને કરતો હતો. મારા તન-મનને વિકાર પરેશાન કરતો અને મારી આંખોમાં પણ એવું જ દેખાયા કરતું. શ્રીમોટાને મેં ખુલ્લા મનથી મારી આ નબળાઈની વાત કરી હતી. એટલે શ્રીમોટાએ મારી પાસે મારો ફોટો માગેલો. તેઓએ મને કહેલું કે તારો ફોટો આપજે. હું મારા ઓશીકા નીચે એ રાખીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ. આ વાતનો મેં અમલ કર્યો હતો અને શ્રીમોટાની મદદથી મારી સ્થિતિમાં મેં સુધારો અનુભવ્યો હતો.

પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનાં જે પ્રકાશનો થતાં હતાં તેમાં પણ ભગવાનની કૃપાથી સહયોગ આપવાનું બનતું હતું. ખાસ કરીને આર.આર.શેઠની કંપનીએ 'શ્રીમોટાનું જીવન અને કાર્ય' જે છાપેલું તેમાં અને મારું પ્રિય પુસ્તક 'આર્તપોકાર' તેમ જ 'જીવનસંશોધન' અને છેલ્લે 'હૃદયપોકાર' વગેરે પ્રકાશનોમાં આર્થિક સહયોગ અપાવાના સંજોગો સર્જાયા હતા. હવે મને ખ્યાલ આવે છે કે એ બધાંની પાછળ મારા જીવનના વિકાસનો હેતુ હતો.

મારા થકી ઘણાં નાનાંમોટાં સમાજકલ્યાણનાં કામો ભગવાને કરાવ્યાં છે. એક વખત મોટાએ મને કહેલું કે અમૃતલાલ તારું શરીર છૂટશે એટલે કે તારા અંતિમ સમયે હું તારી સાથે હોઈશ. આવડી મોટી હૈયાધારણથી હું ગળગળો થઈ ગયો હતો કે મોટાએ કેવડું મોટું વચન મને આપી દીધું ! પણ એમાં મોટાની જ કૃપા હું ગણું છું.

શ્રીમોટા એક વખત કાંટાવાળા સાહેબને ત્યાં હતા ત્યારે અમે ત્યાં ગયા હતા. કાંટાવાળા સાહેબે અમારા વતી શ્રીમોટાને કહેલું કે આ અમૃતલાલના દીકરા જયેશનું શ્રીમોટા તમે ધ્યાન રાખશો. શ્રીમોટાની એક વખત નરોડામાં હનુમાનજીના મંદિરમાં પધરામણી હતી. ત્યારે હાલ 'હરિભાવ'ના સંપાદક શ્રી પ્રભુદાસ જાનીના પુત્ર પંકજ અને મારો પુત્ર જયેશ શ્રીમોટા પાસે બેઠા હતા ત્યારે શ્રીમોટાએ જયેશને કહેલું કે તું ડૉક્ટર થજે અને પંકજને કહેલું કે તું એંજિનિયર થજે. શ્રીમોટાના એ શબ્દો અક્ષરશઃ સાચા પડ્યા છે.

નરોડાના વલ્લભકુંજમાં મારો જે બંગલો હતો તેમાં લગભગ સાતેક વર્ષ જેવા સમય સુધી સવારે ને સાંજે સ્વજનો દ્વારા નામસ્મરણનો જપયજ્ઞ ચાલુ રહેલો. સવારે સ્વજનોની સંખ્યા ઓછી દસ-પંદર જેટલી હોય પણ રાત્રે સહેજે ૩૫ થી ૪૦ સ્વજનો ભેગાં થતાં હતાં. મારા નિવાસે ચાલી રહેલા નામસ્મરણ-જપયજ્ઞની પૂર્ણાહુતિ કરવાની ઇચ્છા થતાં ૧૦૮ દિવસનો રાતદિવસનો સતત અખંડ જપયજ્ઞના કાર્યક્રમનું સ્વજનોના સહકારથી આયોજન કરાયું હતું. તેમાં રાત્રે ૧૨ થી પરોઢિયાના ૪ સુધીના કઠણ કાળની જપયજ્ઞની જ્યોત શ્રી જયંતીભાઈ જાનીએ ચાલુ રાખી હતી.

**અનુસંધાન પાના ૧૧ પર**

## ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | સ્થળ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી દક્ષાબહેન હેમંતકુમાર પટેલ<br>પૂ.માતૃશ્રી સુભદ્રાબહેન અમૃતભાઈ પટેલ તથા<br>પૂ. પિતાશ્રી અમૃતભાઈ ગોવિંદભાઈ પટેલ-<br>નરોડાની પૂણ્ય સ્મૃતિ નિમિત્તે.... | અમદાવાદ (હાલ USA) | ૧૦,૦૦૦/- |
| | અમીતાબહેન અરુણકુમાર શાહ | આણંદ | ૫,૦૦૧/- |
| ૨. | એક સ્વજન નામ (નામ જણાવેલ નથી) | ૦૦૦૦૦૦ | ૫,૦૦૦/- |
| ૩. | પારુલ હનીષ ગાંધી | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૪. | ગુણવંતભાઈ ચંદુલાલ ઠક્કર<br>સ્વ.સરસ્વતીબહેનની જન્મતિથિ ભાદરવા સુદ આઠમ નિમિત્તે | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૫. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૬. | વિનુભાઈ બી. પટેલ | સુરત | ૨,૧૦૦/- |
| ૭. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૮. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૯. | પૂજા મિનય મહેતા | મુંબઈ | ૨૫૧/- |
| ૧૦. | મનહરભાઈ પરભુભાઈ પટેલ | લવાછા | ૧૨૫/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## ‘હરિભાવ’ માસિકનું ઑક્ટોબર-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. ગીતા ત્રિવેદી | યુ.એસ.એ. | ૪. નિલેશ આર. વ્યાસ | સુરત |
| ૨. માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ | સુરત | ૫. રાજીવ જરીવાલા | સુરત |
| ૩. મનિષ મજમુદાર | અમદાવાદ | | |

## ‘હરિભાવ’ માસિકનું નવેમ્બર-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. ભાનુપ્રસાદ દવે | મુંબઈ | ૫. ગોરધનભાઈ એસ. પટેલ | લક્ષ્મણપુરા, કમ્પા |
| ૨. ભારતી નારાયણ | યુ.એસ.એ. | ૬. જાગૃતિબેન ગડા | મુંબઈ |
| ૩. દેવાંગભાઈ માલી | સુરત | ૭. સંદીપ એચ. બારોટ | નડીઆદ |
| ૪. ધર્મેન્દ્ર ઠક્કર | અમદાવાદ | ૯. સોમાભાઈ ડી. ગુર્જર | નારદીપુર, ગાંધીનગર. |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી કે ‘હરિભાવ’નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મળી શકે છે.સંપાદક





**પરમ પૂજ્ય શ્રી દાદા ભગવાન સાથે સત્સંગ કરતા શ્રી રમેશભાઈ ભટ્ટ**

ફોટોગ્રાફ્સ : સૌજન્ય શ્રી હીરેનભાઈ રમેશભાઈ ભટ્ટ

**HARIBHAV, OCTOBER, 2024**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026



અમી ભરેલાં દગથી નિહાળી,
મારો ગ્રહો હાથ વિભો ! ત્વરાથી,
સ્વભાવના અંધ તમિસ્ત્રમાંથી,
દ્યો મુક્તિ હે નાથ ! પ્રકાશ અર્પી.

અવ્યક્ત જે વ્યાપક આપનું છે,
સ્વ-રૂપ તે નાથ ! અગમ્ય તો છે,
જે વ્યક્તરૂપે વિલસી રહી છે,
તે મૂર્તિ આલંબન આપની છે.

- પ્રો. શ્રી અનુપરામ જી. ભટ્ટ

'મોટાચરણે', શ્લોક : ૩૬,૫૯

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007